**સુવિચાર**

"ઘરમાં મોભીનું સ્થાન ફોન પર લાગેલ ટફનગ્લાસ જેવું હોય છે. એ પોતે તૂટી જાય છે, પણ ઘરને બચાવી લે છે."

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૧/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૦૩૫


## ડીઆઈજી અને એસપીનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરાનાં વેપારી ઉપર હુમલો કરનારનું ગેરકાયદેસર વીજ જોડાણ ઝડપાયુ

**સ્થાનિક પોલીસે પીજીવીસીએલની ટીમ સાથે ચેકિંગ કર્યુ**

**આરોપીએ ૨૪૪૩૩ રૂપિયાની વીજચોરી કરી હોવાની પ્રાથમિક તપાસ**

**આરોપીએ વેપારીને અગાઉ પણ ધમકી આપ્યા બાદ પૂનઃ હુમલો કરેલ**

**ફરિયાદી વેપારી આરએસએસમાં હોવાથી સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર મચી હતી**

બાબરા, ૨૨

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર તથા અમરેલી પોલીસ અધીક્ષક સંજય ખરાત દ્વારા અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા અપાયેલ સૂચના અન્વયે બાબરા પોલીસ દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત નિલવડા ગામના આરોપી પ્રતાપભાઈ બદરૂભાઈ ધાધલ વિરૂદ્ધ કડક પગલાં લેવાયા છે.

ઘટનાની વિગતવાર માહિતી પ્રમાણે ફરિયાદી ભરતભાઈ કનુભાઈ રાદડીયાના શો-રૂમમાં 'ડીઓ લેટર' આપવા બાબતે આરોપી પ્રતાપભાઈ ધાધલ રે. નીલવડા અગાઉ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## આરોપી યુવકના શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી

# સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારની સગીરવયની દીકરીએ હાથની કલાઈ ઉપર બ્લેડ મારી

**આરોપી સામે પોકસો એકટ મુજબ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ખેડૂતની સગીર વયની દિકરી હાઈસ્કુલમાં અભ્યાસ કરતી હોય અને તેણી અગાઉ તે જ ગામે રહેતાં આરોપી રાહુલ પરષોતમભાઈ કાલેણા સાથે વાતચીત કરતી હતી અને આ તરૂણીએ આજથી છએક મહિના પહેલા આરોપીને વાતચીત કરવાની ના પાડતા આરોપી તેણીની ઈચ્છા વિરૂધ્ધ તેણી સ્કુલે જતા આવતા સમયે આરોપી નવાર તેનો પીછો કરી ભોગ બનનારને પકડી તેના શરીરે સ્પર્શ કરી અડપલા કરી આરોપીએ ભોગ બનનારના ફોટા તેના મોબાઈલ ફોનમાંપાડી લઈ ફોટા વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનારને શારીરિક માનસિક ત્રાસ આપતો હોય જેના કારણે આ તરૂણી (ભોગ બનનારે) ગત તા. ૨૧ના રોજ પોતાની જાતે તેના ડાબા હાથની કલાઈ ઉપર બ્લેડ મારી ઈજા કરતાં આ બનાવમાં આરોપી સામેબીએનએસ કઈમ૧૧૫(૨) ૭૫(૨), ૭૮(૨), ૩૫૧(૨) તથા પોકસો એકટની ક. ૮, ૧૨ મુજબ ફરિયાદ નોંધાઈ છે.









## બાઈકમાં ઈસમો પીવાનુ પાણી માંગી મકાન માલીકને દુઃખ દર્દ દુર કરવાનુ કહેતા હતા

# બગસરા અને વડિયા પંથકમાં એક ટોળીએ અલગ અલગ ઘરે જઈ દુઃખ દર્દ દુર કરવાનાં નામે કરી છેતરપીંડી

**વિધિ કરાવવાનાં નામે ૩ સ્થળોએથી ૧.૧૫ લાખની કરી છેતરપીંડી**

અમરેલી, તા. ૨૨

બગસરા તથા વડિયા પંથકમાં ત્રણ શખ્સોની એક ટોળીએ પાંચથી છ મહિના પહેલાં ત્રણ અલગ અલગ જગ્યાએ પોતાનું મોટર સાયકલ લઈ અલગ અલગ ઘરમાં જઈ અને પીવાનું પાણી માંગી અને કહેલ કે તમો બહું ચિંતામાં છો અને તમને દુઃખ-દર્દ છે અને તમારૂં બધુ સારૂ થઈ જશે તેમ કહી ઘરધણીને વિસમાં લઈ અને કપડાના રૂમાલમાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી વિસમાં લઈ જઈ અને રૂપિયા ૧.૧૫ લાખની છેતરપિંડી અને વિસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતાં અરવિંદભાઈ મોહનભાઈ પીપળીયા નામનાં ૬૫ વર્ષીય વૃધ્ધના ઘરે ગત તા. ૧૩/૭/૨૫ ના રોજ બપોરના આશરે સાડા ચારેક વાગ્યાના સમયે ત્રણ અજાણ્યો માણસો જેના મોબાઈલ નંબર ૭૫૬૭૦ ૪૩૨૧૯ વાળા પોતાનું મોટર સાયકલ લઈને આવેલ હતાં અને પીવાનું પાણી માંગી વૃધ્ધને કહેલ કે તમો બહુ ચિંતામાં છો અને તમને દુઃખ-દર્દ છે અને તમારૂં બધુ સારૂ થઈ જશે તેમ કહી આ વૃધ્ધને વિસમાં લઈ અને બાદમાં વૃધ્ધના પત્નિએ કાનમાં પહેરવાની સોનાની બુંટીઓ નંગ-૨ નો વજન આશરે ૬ ગ્રામની કિંમત રૂપિયા ૩૦,૦૦૦ની એક કપડાના રૂમાલમાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી વિસમાં લઈ વૃધ્ધના પત્નિની સોનાની બુટી લઈ જઈ છેતરપિંડી અને વિસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો બીજા બનાવમાં વડિયા તાલુકાના અરજણસુખ ગામે રહેતાં શોભનાબેન અરવિંદભાઈ વસોયા નામનાં ૫૨ વર્ષીય મહિલા ગઈ તા. ૨૯/૮/૨૫ ના રોજ પોતાની વાડીએ કામ કરતા હતા ત્યારે તેમની પાસે બે અજાણ્યા ઈસમો મોબાઈલ નં. ૭૫૬૭૦ ૪૩૨૧૯ વાળા પોતાનું મોટર સાયકલ લઈને આ મહિલાની વાડીએ આવેલ હતાં અને તેણી પાસે પીવાનું પાણી માંગેલ હતું. બાદમાં આ

અનુસંધાન પાના ૬ ઉપર










# અમરેલી : ગીરના વન્યજીવ અને પર્યાવરણના રક્ષણ માટે પોલીસ અને વન વિભાગની બે દિવસીય કાર્યશાળા યોજાઈ





અમરેલી, ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ ગીરના અમૂલ્ય વન્યજીવ વારસા અને પર્યાવરણના રક્ષણને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી, વન્યજીવ અને પર્યાવરણ સુરક્ષામાં ભાગીદાર તરીકે પોલીસ ગીર લેન્ડ સ્કેપ પરિપ્રેક્ષ્ય વિષય પર બે દિવસીય ઓરિએન્ટેશન અને સંવેદનશીલતા કાર્યક્રમ અમરેલીના શાંતાબા ઓડિટોરીયમ ખાતે ૨૧ અને ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયો હતો. ગાંધીનગરના કોમ્યુનિકેશન વિભાગના નાયબ વન સંરક્ષક વિવેક તોડકર દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ સ્ટાફને વન્યજીવ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવાનો હતો. આ કાર્યક્રમમાં વન વિભાગના અનુભવી અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. પ્રશાંત તોમર (IFS) નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગ, વિકાસ યાદવ (IFS) નાયબ વન સંરક્ષક, ગીર પૂર્વ વિભાગ, રાજદીપસિંહ ઝાલા (GFS) ડાયરેકટર સકકરબાગ ઝૂ. સામેલ હતા. આ તાલીમ ડી.વાય.એસ.પી., પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ-ઈન્સ્પેકટર સહિત અંદાજિત ૪૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ સહભાગી થયા હતા. તેમને વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણીય સુરક્ષામાં તેમની ભૂમિકા વધુ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેઓને સિંહોના બિહેવીયર, ગીર લેન્ડસ્કેપ, માનવ વન્ય પ્રાણી ઘર્ષણ, વ્યવસ્થાપન, વન વિભાગના કાયદાઓ, પોલીસ અને વન વિભાગનું સંકલન તથા વન વિભાગની હેલ્પલાઈન વિશે માહિતગાર કરેલ હતા. જિલ્લા પોલીસ અધિક્ષક, સંજય ખરાતએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે પોલીસ સ્ટાફને વન્યજીવ વિરૂધ્ધના ગુનાઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા અને ગુનાઓની શોધખોળમાં વન વિભાગ સાથે સંકલન સાધીને કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ દ્વારા ગીર વિસ્તારમાં વન્યજીવ ગુનાઓ અટકાવવા અને પર્યાવરણના જતન માટે પોલીસ અને વન વિભાગ વચ્ચેના પરસ્પર સહયોગને એક નવી દિશા મળી છે.

### ઈકો ચાલકની ઈમાનદારીને સલામ

## લીલીયા : ઈકો ગાડીના ડ્રાઈવરે પોણા ૨ લાખનાં સોનાનાં દાગીનાં મુળ માલિકને પરત કર્યા

### પટેલ પરિવારને દાગીનાં પરત કરી ડ્રાઈવરે ઈમાનદારી દાખવી

લીલીયા, તા. ૨૨

મોટા લીલીયાના રહીશ અને અમરેલી-લીલીયા માર્ગ પર ગાડી ચલાવી પોતાનું ગુજરાત ચલાવતા યુનુસભાઈ મણિયાર નામના મુસ્લિમ ઈકો ચાલકની ઈમાનદારીથી લીલીયા તાલુકાનું નામ રોશન કરેલ. જેમાં ઘટના એ પ્રકારની બની કે અમરેલીથી લીલીયા તરફ આવવા માટે ચંપાબેન રવજીભાઈ ડોબરીયા રહે. આંકડીયાવાળા લીલીયા તાલુકાના આંબા ગામે પોતાના ભાઈ જયસુખભાઈ માલવિયાને ત્યાં તેમજ એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે અમરેલીથી યુનુસભાઈના ઈકોમાં લીલીયા આવવા માટે બેઠેલ હોય. ત્યારે પૈસાની લેતી દેતી કરવા જતા પોતાનું કિંમતી પાકીટ કે જેમની અંદર સોનાની ચેઈન સહિત અન્ય વસ્તુ તેમજ રોકડ રકમ મળી કુલ અંદાજે ૧,૭૫,૦૦૦ જેવી માતબર રકમનું પર્સ યુનુશભાઈના ઈકોમાં ભૂલી ગયેલ



હોય. ત્યારે યુનુસભાઈ દ્વારા સતત તપાસ કરાતા આખરે તમામ પેસેન્જર જે બેઠેલ હતા તેમના વિશે માહિતી મેળવી આંબા ગામે લગ્ન પ્રસંગે તેમના ભાઈ જયસુખભાઈ માલવિયાને ત્યાં આવવા માટે લીલીયા સુધી ઈકોમાં મુસાફરી કરવા બેઠેલ હોય. ત્યારે તેમની તપાસ કરી અને તાત્કાલિક થોડો પણ સમયનો વ્યર્થ કર્યા વગર પોતે પોતાની ઈમાનદારીની મિસાલ આપવા માટે પોતાનું વાહન લઈ અને આંબા ગામના પૂર્વ સરપંચ અને તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજને સાથે રાખી જયસુખભાઈના ઘરે જઈ અને ચંપાબેનને આ કિંમતી વસ્તુઓ પરત આપેલ. ત્યારે આ ઘોર કળ યુગમાં આવા ઈમાનદાર લોકો પણ પડયા છે તેવી લોકમુખે ચર્ચાઓ શરૂ થઈ અને ચંપાબેનનો કિંમતી સોનાનો સામાન તેમજ રોકડ પૂરેપૂરી પરત મળ તા ચંપાબેન તેમજ તેમના ભાઈ અને જીગ્નેશભાઈ સાવજ દ્વારા યુનુસભાઈની ઈમાનદારીને બિરદાવી અને આભાર માનેલ હતો. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## હરિપુરા : અબોલ પશુઓની સંજીવની એટલે ફરતુ પશુ દવાખાનું

અમરેલી, તા. ૨૨

અમરેલીના હરીપુરા ગામમાં એક શ્વાને એક રખડતા વાછરડાને ફાડી ખાતા આ અંગે ફરતાં પશુ દવાખાનાને જાણ કરવામાં આવતાં આ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલ વાછરડાને તાત્કાલિક સર્જરી કરી યોગ્ય સારવાર આપી પીડામુકત કરી વાછરડાનો જીવ બચાવવામાં આવ્યો.

આ બનાવમાં હરીપુરા ગામના જવાબદાર નાગરિક મેહુલભાઈ મહેતાએ ગત તારીખ ૨૧/૧ના રોજ હેલ્પ લાઈન નં. ૧૯૬૨માં જાણ કરેલ હતી કે, એક વાછરડાને શ્વાને કરડવાથી વાછરડું ઊંડા જખમથી પીડાતું હોય ત્યારે દસ ગામ દીઠ ફરતુ પશુ દવાખાનાનાં કર્મચારી ડો. શૈલેષ ભાવેશભાઈ ચૌહાણ તેમની ટીમ સાથે હરીપુરા ગામે ઘટના સ્થળે પહોંચી જઈ પાયલોટ ભરતદાન ગઢવીની મદદથી ઘવાયેલાં વાછરડા ઉપર સર્જરી કરી અને તાત્કાલિક યોગ્ય સારવાર આપી હતી અને રખડતા વાછરડાને પીડા મૂકત કરવામાં આવ્યું હતું.



આમ હરિપુરા એનિમલ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા સફળ તાપૂર્વક સર્જરી કરી અબોલ પશુનુ દર્દ દૂર કરી, જીવ બચાવવામાં આવ્યો હતો . અમરેલી જિલ્લાના (GVK EMRI GHS) પ્રોગ્રામ મેનેજર ડો. મહેન્દ્ર અને પ્રોજેકટ કો-ઓર્ડીનેટર સુનીલ લીંબાણીએ હરિપુરા ટીમની સરાહના કરી હતી.

આજે ગુજરાતમાં સેવા ખૂબ બહોળા પ્રમાણમાં પશુ પક્ષીઓને સેવા પૂરી પાડી રહી છે. સેવા લાભાન્વિત માટે ૧૯૬૨ પર કાલ કરી, નિઃશુલ્ક સારવાર સેવાઓનો લાભ લઈ શકાય છે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

### ભાજપ અગ્રણી ડો. કાનાબારનુ ટ્વીટ

## અમરેલી જિલ્લામાં સિંહ, દીપડા, નીલગાય અને રખડુ શ્વાનથી પરેશાની વધી

### જનતા જનાર્દનનાં હિતમાં તંત્ર કોઈ કાર્યવાહી કરે

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં ાનોના વધતા આતંકથી લોકો વ્યથિત બન્યા છે. આ મુદ્દે ભાજપના નેતા અને પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે સોશયલ મીડિયા પર ટ્વીટ કરીને ગંભીર ચિંતા વ્યકત કરી છે. તેમના ટ્વીટમાં તેમણે અમરેલી જિલ્લાના લોકો રોજિંદા જીવનમાં ભોગવી રહેલી મુશ્કેલીઓનું વર્ણન કર્યું છે.

ડો. કાનાબારે લખ્યું છે કે જિલ્લામાં ક્યારેક સિંહ અને ક્યારેક દીપડા માનવ પર હુમલા કરે છે, તો ગામની બહાર નીકળતાં રસ્તાઓ પર રોઝડા (નીલગાય) ગમે ત્યારે અથડાઈ પડે છે. ગામની અંદર ગલીઓ અને



રસ્તાઓ પર આખલાનો ભય સતત મંડરાય છે કે ક્યારે ઝપટે ચડી જવાય તેનો કોઈ અંદાજ નથી. આ બધું ઓછું પડતું હોય તેમ હવે ાનોએ પણ ત્રાસ ફેલાવ્યો છે.

તેમણે વ્યંગાત્મક રીતે પ્રશ્ન ઉઠાવ્યો કે, ''અમરેલી જિલ્લાના લોકો સાથે મનુષ્ય સિવાય પ્રાણીઓને ક્યાં જન્મોના વેર હશે ?'' આ ટ્વીટ દ્વારા તેમણે પ્રશાસન અને સ્થાનિક તંત્રનું ધ્યાન આ ગંભીર સમસ્યા તરફ દોરવાનો પ્રયાસ કર્યો છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ાનો દ્વારા કરડવાના બનાવોમાં વધારો થયો છે, જેના કારણે લોકોમાં ભયનો માહોલ છે. ડો. કાનાબારના ટ્વીટ બાદ આ મુદ્દે ફરી એકવાર જાહેર ચર્ચા તેજ બની છે અને લોકો તાત્કાલિક અને અસરકારક પગલાંની માંગ કરી રહ્યા છે.

## અમરેલી જિલ્લા ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા કાનૂની સત્તા સેવા મંડળ દ્વારા કાનૂની શિબિર યોજાઈ



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા કાનૂની સત્તા સેવા મંડળ ધ્વારા શ્રીમતી વસંતબેન વ્યાસ હોમિયોપેથીક કોલેજમાં કાનૂની શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત પીએલવી મુકેશભાઈ ભટ્ટ (સોનલ) તથા એડવોકેટ કિરણબેન પટેલ ધ્વારા ડ્રગ્સ (નશા મુકત ભારત) નાલશાના કાર્યક્રમ અંતર્ગત, મુકેશભાઈ ભટ્ટ અને પોકસો તેમજ બાળલગ્ન મુકત ભારતની માહિતી એડવોકેટ કિરણબેન પટેલ ધ્વારા પુરી પાડવામાં આવી. આ કાર્યક્રમમાં હોમિયોપેથીક કોલેજનાં પ્રિન્સીપાલ પાન્ડે, નીધીબેન વાળા, ડોકટર અંજીતા ડોકટર, ધર્મિષ્ઠા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

### સમસ્ત કોળી સમાજ દ્વારા

## અમરેલી ખાતે ૮ ફેબ્રુઆરીએ સમૂહ લગ્નોત્સવ યોજાશે

### નિરાધાર દીકરીઓને વિનામૂલ્યે લાભ મળશે

અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનો ૪૩માં સમુહલગ્નનું કોળી શકિત યુવક મંડળ દ્વારા આયોજન તા. ૮/૨/૨૬ના રોજ કરવામાં આવેલ છે.

માતા-પિતાની છત્રછાત્રા ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક-યુવતી દિકરીઓને વિનામૂલ્યે લગ્ન. સરકાર દ્વારા સમુહલગ્ન સાતફેરા યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે. લગ્ન નોંધણી વહેલા તે પહેલા કરવામાં આવશે.

મંડળ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ રામ એસ્ટેટ, જુના માર્કેટિંગ યાર્ડ અંદર, હરિરામ હોલસેલ માર્કેટ, દુ.નં. ૧૩, પહેલા માળે, અમરેલી ૯૩૭૪૭ ૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭ તથા રમેશભાઈ આર. ડાભી (ચિતલ) મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### પુ.શ્રી. ધીરગુરૂદેવની પ્રેરણાથી

## ચિતલ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નિઃશુલ્ક દંત ચિકિત્સા અને નેત્રયજ્ઞ યોજાશે

### જરૂરિયાતમંદોને લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ થયો

ચિત્તલ, તા. ૨૨

ચિત્તલ વિ હિન્દુ પરિષદ દ્વારા પરમ શ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરૂદેવની પ્રેરણાથી ચિત્તલમા નિઃશુલ્ક દંતચિકિત્સા અને નેત્રયજ્ઞ યોજાશે. વિ હિન્દુ પરિષદ અમરેલી દ્વારા ચિત્તલ સરસ્વતી વિદ્યા મંદિર ખાતે તા. ૨૬/૧/૨૦૨૬ના રોજ સવારના ૯ થી ૧૨ કલાકના રોજ વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિતલ અને રણછોડદાસ આંખની હોસ્પિટલ રાજકોટ, વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ તથા ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટ દ્વારા ઈન્દિરાબેન રસિકલાલ મહેતા અને સિદ્ધાર્થ મહેશ મહેતાની પુણ્યતિથિ નિમિત્તે (ચિત્તલ વાળા) હાલ રાજકોટ મહેશભાઈ મહેતા પરિવાર અને સૌરાષ્ટ્ર દશાશ્રી માળી જૈન ભોજનાલય મુંબઈ સહયોગથી નેત્ર નિદાન કેમ્પ અને દંત ચિકિત્સા કેમ્પ રાખેલ છે.

આ નેત્રયજ્ઞ અને દંતયજ્ઞમાં વિનામૂલ્ય દાંત અને આંખની સારવાર કરવામાં આવશે આંખના દર્દીઓને મોતિયાનું ઓપરેશન તેમજ નેત્રમણી વિનામૂલ્યે મૂકવામાં આવશે દાંતના દર્દીઓને દાંતની બત્રીસી દાંતની સારવાર વિનામૂલ્ય કરી આપવામાં આવશે આ કેમ્પનો લાભ લેવાય ઈચ્છા દર્દીઓએ સવારમાં ૮ : ૦૦થી પોતાના કેસની નોંધણી સ્થળ પર કરવાની રહેશે આ કેમ્પને સફળ બનાવવા માટે વિ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ -રાજકોટ, ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટ, વિ હિન્દુ પરિષદ અને નેત્રયજ્ઞ આયોજન સમિતિની ટીમના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

આ કેમ્પમા ડો. જયસુખભાઈ મકવાણા અને તેમની ટીમના મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, ડો. સંજય અગ્રાવત તેમજ રણછોડદાસ હોસ્પિટલ રાજકોટની મેડિકલ ટીમ સેવા આપશે તેમ ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતાની યાદીમાં જણાવેલ છે.

# નવી દિલ્હી : પૂ. મોરારિબાપુની 'રામકથા'નો મહાનુભાવોએ લાભ લીધો






દિલ્હી પ્રગતિ મેદાન ભારત મંડપમ ખાતે આયોજિત પૂ.મોરારિબાપુના વ્યાસાસને ગવાઈ રહેલી 'માનસ સનાતન ધર્મ 'રામ કથા આજે તા. ૨૨/૧/૨૬ ના છઠ્ઠા દિવસના સંવાદમાં પ્રવેશ પામીને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિરામ પામી હતી. આજની કથામાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી દિલ્હી મુખ્યમંત્રી સુશ્રી રેખા ગુપ્તા સાંસદ તથા દિલ્હી ભાજપના પૂર્વ પ્રમુખ મનોજ તિવારીજી અને કથાકારો પુંડરિક પંડિત મહારાજ તથા સૈનિકોના પ્રમુખ તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા. પૂજય મોરારિબાપુએ આજની કથામાં પોતાની વાણી મુખરિત કરતાં કહ્યું કે સાચે જ એ વાત સત્ય છે કે સનાતન ધર્મનો પાંચમો વેદ રામચરિત માનસ છે. સનાતનમાં શોર નહીં પરંતુ સ્વરૂપ સ્થાપિત થવું જોઈએ. પરમ ધર્મની વ્યાખ્યા સનાતનના પરિપેક્ષ્યમાં થવી જોઈએ. સનાતનના પ્રવાહનું નામ ગંગા, પર્વતનું નામ કૈલાશ,વૃક્ષનું નામ અક્ષય વટ, શીતલતાનું નામ ચંદ્ર, ઉર્જાનું નામ ભગવાન ભાસ્કર અને ગ્રંથનું નામ સનાતનમાં વેદ છે. સનાતનની વ્યાખ્યામાં સત્ય પરમ ધર્મ છે, આપણાં ઈસ્ટનુ આજ્ઞા પાલન એ પણ પરમ ધર્મ અને આખરી વ્યક્તિ સુધી પહોંચવું તે પણ પરમ ધર્મ છે, જીવ ભૂતો સનાતન. વિજ્ઞાન વસ્તુ પર કામ કરે છે અને ધર્મ વ્યક્તિ પર કામ કરે છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ યમુનાજીના શુદ્ધિકરણ માટે બાપુએ ઈંગિત કરેલી આજ્ઞાને સ્વીકારી લેતા કહ્યું કે મારી એક એક એક ક્ષણ આ ચિંતામાં જઈ રહી છે. હું તે માટે બધું જ કરવા પ્રયત્ન કરીશ. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથજીએ કહ્યું કે મેં જયારે પદ સ્વીકાર્યું ત્યારે બાપુએ જણાવ્યા મુજબના ચાર મતો પૈકી મેં પ્રથમ મત એટલે કે સાધુમત એ સ્વીકાર્યો હતો. તેમાં મુખ્ય મત પૂજય મોરારિબાપુનો હતો. આગામી દિવસોમાંએ મારી આત્મકથામાં પણ જોવા મળશે.આ ઉપરાંત પુ.પુડંરિક મહારાજ અને અન્ય મહાનુભાવો એ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. યવતમાલ કથાના યજમાન વિજય દર્ડાજી કે જે ખ્યાતનામ મરાઠી દૈનિક લોકમતના ચેરમેન છે તેઓએ આજે પોતાની રામકથાનું એક પુસ્તક 'રામ રસાયણ' વ્યાસપીઠને અર્પણ કર્યું હતું. જયદેવભાઈ માંકડ દ્વારા સંપાદિત પૂજય બાપુની રામકથાની દ્રષ્ટાંત કથાઓનું પુસ્તક હિન્દીમાં પ્રકાશન 'દ્રષ્ટાંત કી દીપમાલા' વ્યાસપીઠને અર્પણ થઈને લોકાર્પિતથયું. નિતીન વડગામમાં સંપાદિત રામકથા 'રામ યાત્રા'નું પુસ્તક પુષ્પ પણ આજે વ્યાસપીઠને અર્પણ થયું એમ કુલ મળીને ત્રણ પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું. આચાર્ય પુ.લોકેશ મુનિજી કે જે જૈન પરંપરાના સાધુ હોવા છતાં માનસ સનાતન ધર્મ રામકથાના આધારે તેઓએ પોતાનું નામ બદલીને હવે લોકેશ આચાર્ય લોકેશ સનાતની જાહેર કર્યુછે. બાપુના વિનયના કારણે તેમણે અહિંસા વિશ્વભારતી સંસ્થાના શુભ હેતુ મળતી ધન રાશી સ્વીકારવાનો પણ સંકલ્પ જાહેર કર્યો અને આજે તેમાં રૂપિયા બે કરોડની ધન રાશિ પ્રાપ્ત થઈ.

# નવી દિલ્હી ખાતે દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ભારત-શ્રીલંકા સહકાર પરિષદ યોજાઈ



નવી દિલ્હી સ્થિત PHDCCI મુખ્યાલય ખાતે ભારત-શ્રીલંકા સહકાર સંવાદનું આયોજન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં કરવાનું આવ્યું. આ વસરે PHDCCIનાં સીઈઓ ડો. રંજીત મહેતા, ઉન્નતિ કોઓપરેટિવના જયોતિ સ્વરૂપ, PHDCCI કોઓપરેટિવ કમિટીનાં તરૂણ ભાર્ગવ તથા રૂપેશકુમાર સહિતનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. PHDCCI મુખ્યાલય ખાતે ડો. રંજીત મહેતાએ પણ દિલીપ સંઘાણીનું સ્વાગત અને અભિવાદન કર્યુ. સંવાદ દરમિયાન ભારત અને શ્રીલંકાનાં સહકાર આંદોલનને નવી ઊંચાઈઓ પર લઈ જવા, ખેડૂતો અને સમુદાયોના હિત માટે સંયુકત પ્રયત્નો કરવા અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે દિલીપ સંઘાણીએ ભારતીય સહકાર આંદોલનની સિધ્ધિઓ અને કાર્યપધ્ધતિ વિશે ડો. શાંતા જયરત્નેને વિસ્તૃત માહિતી આપી. આ સંવાદ બંને દેશો વચ્ચે સહકાર, ખેડૂત હિત અને પ્રાદેશિક સહયોગને વધુ મજબુત બનાવવાની સંયુકત પ્રતિબધ્ધતાનું પ્રતીક બની રહ્યો છે. આ કાર્યક્રમમાં નેશનલ શુગર ફેડરેશનનાં (એનએફસીએસએફ) મેનેજિંગ ડિરેકટર પ્રકાશ નાયકનાવારે, PHDCCIના ડેપ્યુટી જનરલ સેક્રેટરી ડો. જતીંદર સિંહ, ઉન્નતિ કોઓપરેટિવનાં જયોતિ સ્વરૂપ, એનસીયુઆઈનાં ડેપ્યુટી સીઈઓ શ્રીમતી સાવિત્રી સિંહ, PHDCCI કોઓપરેટિવ કમિટીના તરૂણ ભાર્ગવ, રૂપેશકુમાર, સંજય અગ્રવાલ સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

### નવુ બસ સ્ટેન્ડ બનતાં લાંબા અંતરની બસ સેવા જરૂરી

## સાવરકુંડલા-વડતાલ રૂટની એસ.ટી. બસને વાયા દામનગરથી શરૂ કરો

### ૨૫ થી વધુ ગામોનાં મુસાફરોને લાભ મળશે

દામનગર, તા. ૨૨

દામનગર શહેરમાં નવું બસ સ્ટેન્ડ શરૂ થયા પછી લાંબા અંતરની બસ સેવા મળે તે માટે માંગ થઈ રહી છે. અગાઉ જે રૂટની બસનો લાભ મળતો હતો, તે ઘણાં સમયથી બંધ હોય લોકોને ના છુટકે આર્થિક બોજ સહન કરીને સમયસર પહોંચી શકાતું નથી. હવે તો માર્ગો પણ ખૂબ સારા બનાવી દેવાયા છે. અમરેલી વિભાગનાં સાવરકુંડલાથી વડતાલ એક્સપ્રેસ બસ સવારનાં ૧૦:૩૦ કલાકે ઉપડી વાયા અમરેલી, ગઢડા, બોટાદ, સાળંગપુર, બરવાળા, ધંધુકા, તારાપુર થઈને સાંજના ૭ કલાકે વડતાલ પહોંચાડવામાં આવે છે. આ બસને અમરેલીથી લાઠી થઈને દામનગર થઈને ઢસાથી ગઢડા રૂટ પર ચલાવવામાં આવે તો દામનગર સહિતના ૨૫ થી વધુ ગામના લોકોને વડતાલ ધામના દર્શનનો લાભ મળે. અને ત્યાંથી નડિયાદ, વડોદરા, અમદાવાદ, ભરૂચ, સુરત અને ઉતર ગુજરાતના બીજા ગ્રામ્ય અને શહેરી મથક સુધી જવું હોય તો ખૂબ જ સરળતાથી પહોંચી શકાય. આ બસને રૂટમાં ફેરફાર કરી દામનગરથી ચલાવવામાં એસ.ટી.ના સત્તાધિશો આ માંગ પુરી કરે એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

## મોટા ઝિંઝુડા ગામે નાના બાળકોનો આધારકાર્ડ કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

મોટા ઝિંઝુડા ગામમાં ૧ થી ૫ વર્ષના નાના બાળકોનો આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાંથી સીડીપીઓ દક્ષાબેન ભટ્ટ તેમજ સુપરવાઈઝર હાજર રહ્યા હતા. ગામના દરેક સમાજના લોકોને નાના બાળકોનું આધારકાર્ડ સાવરકુંડલા ખાતે જવું ન પડે તેમજ ગરીબ અને મધ્યમ પરિવારોની રોજગારી ન પડે તેવા ઉમદા હેતુથી આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના દરેક વાલીઓએ પોતાના નાના બાળ કને લઈને પોતાનું આધારકાર્ડની પ્રોસેસ કરાવી ખુશી વ્યકત કરી હતી. આ તકે ગામના સરપંચ પંકજ ઉનાવા દ્વારા બધી વ્યવસ્થા કરવામાં આવી હતી અને આંગણવાડીની બહેનોનો અને સીડીપીઓનો આભાર પણ વ્યકત કર્યો હતો.

### જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં

## અમરેલી : ચેક રીટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજા ફટકારવામાં આવી

### ફરિયાદીપક્ષે એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ

અમરેલી, તા. ૨૨

ચેકરીટર્નકેસમાંઆરોપીને બેવર્ષનીજયુડીશ્યલમેજીસ્ટ્રેટ કોર્ટેસજા કરીછે.

આકામનીવિગતએવીછેકે ગર્વમેન્ટ કોન્ટ્રાકટમાં રકમ ઈન્વેસ્ટ કરવાની લોભામણી લાલચ આપી આ કામનાં ફરિયાદી પાસેથી રકમ મેળવી આરોપી ધ્વારા રકમ પરત ન કરતાં આરોપીધ્વારાઆપેલચેકબેંકમાંજમા કરાવેલહોયઅનેત્યારબાદએચેકરીટર્ન થતાં વકીલ જે.આર. વાળ મારફત



નોટીસ આપેલ. ત્યારબાદ કોર્ટમાં ફરિયાદદાખલકરેલજેનોફોજદારીકેસ નં. ૯૪૦/૨૨ થી કેસ ચાલેલ. જેમાં તમામ પુરાવાઓ તથા એફીડેવીટ તપાસતાં આ કામનાં આરોપી હરેશભાઈ નાગજીભાઈ ભાયાણીને રકમ રૂા. ૧૭ લાખ ચુકવવા તથા બે વર્ષની કેદનો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે હુકમ કરેલ છે. ફરિયાદી તર્ફે વિધ્વાન વકીલ જે.આર. વાળાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ.



રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ

ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
ચિત્તલ રોડ, ઓમનગર, શેરી નં. ૨, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)







શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363







શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાય છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો

ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



### આઘાતમાં પોતાને પણ મારી લીધી ગોળી

# શક્તિસિંહ ગોહિલના સગા ભત્રીજાની રિવોલ્વરમાંથી મિસફાયર થતા પત્નીનું મોત

### આ ઘટનાથી ડરી ગયેલા યશરાજે ખુદ પણ ગોળી મારી આત્મહત્યા કરી : ખુલાસો ખુદ યશરાજની માતાએ કર્યો


અમદાવાદ, તા.૨૨

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા જજીસ બંગલો રોડ પર આવેલા NRI ટાવરમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના બની હતી, જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલના સગા ભત્રીજા અને ગુજરાત મેરિટાઈમ બોર્ડના કલાસ-૧ અધિકારી યશરાજસિંહ ગોહિલની બંદૂકમાંથી મિસફાયર થતાં તેની પત્નીનું મોત નીપજ્યું હતું. જોકે આ ઘટનાથી ડરી ગયેલા યશરાજે ખુદ પણ ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. આ ચોંકવનારો ખુલાસો ખુદ યશરાજની માતાએ કર્યો હતો. પોલીસે તેમના નિવેદનમાં આ માહિતી જાહેર કરી છે. આ ઘટના અંગે જયેશ બ્રહ્મભટ્ટ (એસીપી, એ ડિવિઝન, અમદાવાદ), જણાવ્યું કે, વસ્ત્રાપુરના એનઆરઆઈ ટાવરમાં ઘટેલી આ કરૂણ ઘટનામાં યશરાજસિંહ ગોહિલ અને તેમના પત્ની રાજેશ્વરીબાનું ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. દંપતી રાત્રે સગાને ત્યાં જમીને પરત આવ્યા બાદ પોતાના રૂમમાં સુવા ગયું હતું. આમ થોડીકવાર પછી યશરાજસિંહે તેમની માતાના રૂમમાં જઈને જાણ કરી હતી કે તેમની રિવોલ્વરમાંથી અચાનક ગોળી છૂટી ગઈ છે અને પત્નીને વાગી છે. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી પત્નીને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૧૦૮નો કર્મચારી આ બાબતે કંટ્રોલ રૂમમાં જાણ કરવા માટે બેઠક રૂમમાં ગયો, તે જ સમયે યશરાજસિંહે બેડરૂમમાં પોતાની જાતે માથાના ભાગે ગોળી મારી જીવન ટૂંકાવી લીધું હતું.તેમણે વધુમાં જણાવ્યું કે,યશરાજસિંહ મરીન ટાઈમમાં સરકારી નોકરી કરતા હતા અને પ્રાથમિક તપાસ મુજબ વપરાયેલી રિવોલ્વર લાઈસન્સ વાળી હતી. પોલીસે FSL, ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટને સાથે રાખીને તપાસ હાથ ધરી છે અને બંને મૃતદેહોને ફોરેન્સિક પીએમ માટે અસારવા સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા છે. આ ઘટના આકસ્મિક રીતે ગોળી છૂટવાથી બની છે કે કેમ, તે જાણવા માટે ગોળી કયા એંગલથી અને કેટલા અંતરથી વાગી છે તે પીએમ રિપોર્ટ અને એફએસએલ તપાસ બાદ સ્પષ્ટ થશે. હાલમાં પોલીસે રિવોલ્વર જપ્ત કરી છે અને તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ ચલાવવામાં આવી રહી છે.પોલીસ તપાસની જાણકારી અનુસાર દંપતી વચ્ચે કોઈ ઝઘડો થયો નહોતો પરંતુ યશરાજ સિંહની બંદૂકમાંથી મિસફાયર થયું હતું જેના કારણે તેની પત્નીને ગોળી વાગી ગઈ હતી જે બાદ તે ઢળી પડી હતી. આ જોઈને યશરાજ હેબતાઈ ગયો હતો અને તેણે મમ્મીને ત્વરીત જાણ કરી ૧૦૮ને કોલ કર્યો હતો. ત્યાં પણ તેણે ભૂલથી ગોળી ચાલી ગઈ હોવાની જાણકારી આપી હતી. જોકે ૧૦૮ના કર્મચારીઓ પહોંચતા જ તેમની સામે જ યશરાજે પણ આત્મહત્યા કરી લીધી હોવાનો ખુલાસો ખુદ યશરાજની માતાએ કર્યો છે. હાલમાં NRI ટાવર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગરના યશરાજ ગોહિલ અને તેમના પત્ની રાજેશ્વરી ગોહિલ NRI ટાવરમાં નિવાસ કરતા હતા. ગત મોડી રાત્રે આ ઘટના બની હતી.

### પાક. સૈન્યએ લાંબા સમય બાદ શસ્ત્ર વિરામનો ભંગ કર્યો

# સરહદે કેમેરા લગાવી રહેલા જવાનો પર પાક.નો ગોળીબાર

### ભારતીય સૈન્ય દ્વારા તેનો આક્રામક રીતે જવાબ અપાયો



પ્રતિકાત્મક તસ્વીર

નવી દિલ્હી, તા.૨૨

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન વિસ્તારમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરીને શસ્ત્ર વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. ભારતીય સૈન્ય જ્યારે સરહદે કેમેરા લગાવી રહ્યું હતું ત્યારે જ પાકિસ્તાને ગોળીબાર કરી દીધો હતો. જોકે બાદમાં ભારતીય સૈન્ય દ્વારા તેનો આક્રામક રીતે જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની સૈન્યએ આતંકીઓની ઘૂસણખોરી કરાવવા માટે આ ગોળીબાર કર્યો હતો, જોકે ભારતીય સૈન્યએ પાક.ના આ પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર સૈન્યની છ રાષ્ટ્રીય રાઈફલ્સની સી કંપની કેરન બાલા વિસ્તારમાં સરહદ પાસે આતંકીઓ અને પાક. સૈન્ય પર નજર રાખવા માટે કેમેરા લગાવી રહી હતી. આ દરમિયાન પાકિસ્તાની સૈન્યએ કોઈ પણ પ્રકારની ચેતવણી આપ્યા વગર જ અચાનક ગોળીબાર કરી દીધો હતો. જોકે ભારતીય સૈન્ય પહેલાથી જ એલર્ટ હતું તેથી જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. જે વિસ્તારમાં પાકિસ્તાની સૈન્યએ ગોળીબાર કર્યો છે તે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. તેથી પાકિસ્તાને આતંકીઓને ઘૂસાડવા આ ગોળીબાર કર્યો હોવાની પણ શંકા છે. ગોળીબાર બાદ ભારતીય સૈન્યએ પુરા વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ હતું. હાલમાં છેલ્લા કેટલાક દિવસોથી જમ્મુ કાશ્મીરના કિશ્તવારના જંગલોમાં સૈન્ય દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ દરમિયાન પાકિસ્તાની મૂળનો આતંકી અને જૈશનો કમાન્ડર સૈફુલ્લાહ પોતાના સાથી આદિલ અને અન્ય જૈશ આતંકીઓની સાથે કિશ્તવારના જંગલોમાં જોવા મળ્યો હતો. આ આતંકી ટોળકીની તસવીરો પણ કેમેરામાં કેદ થઈ ગઈ છે. સૈફુલ્લાહ અને આદિલ છેલ્લા બે વર્ષથી કિશ્તવારના જંગલોમાં છૂપાઈને ફરી રહ્યા છે. કિશ્તવારમાં જંગલોમાં અભિયાન શરૂ કરવામાં આવ્યું તેના કેટલાક દિવસ પહેલાની આ તસવીર હોવાના અહેવાલો છે. બે દિવસ પહેલા જ આ બન્ને ખુંખાર આતંકીઓના છૂપાવાના એક સ્થળને સૈન્ય દ્વારા નાશ કરી દેવામાં આવ્યું હતું.

### ભાજપના મંત્રીનું શરમજનક નિવેદન

# મારું કામ તો ભાષણ આપી જનતાને મૂર્ખ બનાવીને વોટ લેવાનું છે

### રાજસ્થાનના વરિષ્ઠ કેબિનેટ મંત્રી અને પોતાના નિવેદનો માટે હંમેશા ચર્ચામાં રહેતા કિરોડી લાલ મીણા ફરી ચર્ચામાં

જયપુર, તા.૨૨

રાજસ્થાનના વરિષ્ઠ કેબિનેટ મંત્રી અને પોતાના નિવેદનો માટે હંમેશા ચર્ચામાં રહેતા કિરોડી લાલ મીણા ફરી એકવાર પોતાના એક નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા છે. દૌસાના કાલવાન ગામમાં એક જાહેર મંચ પરથી તેમણે સ્વીકાર્યું કે તેઓ માત્ર ભાષણ આપીને જનતાને મૂર્ખ બનાવવા અને વોટ લઈને ચૂંટણી જીતવાની કળા જાણે છે. ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના ભક્ત મીરાના પ્રસંગ પર બોલતી વખતે તેમણે આ વાત કહી હતી, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કાલવાન ગામમાં આયોજિત એક કાર્યક્રમમાં, મીરા અને કૃષ્ણના પ્રસંગો સંભળાવતી વખતે કિરોડી લાલ મીણા બોલ્યા, "'મીરાએ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરી હતી. તમે સૌ જાણો છો, હું તો આ વિષયમાં વધારે સમજતો નથી. અમારે તો જનતાની વચ્ચે આવવાનું, ભાષણ આપીને મૂર્ખ બનાવવાના, વોટ લઈ જવાના, ચૂંટણી જીતી જવાની, આ થોડી ઘણી કળા હું જાણું છું, વધારે તો હું નથી જાણતો.'" આ વિવાદાસ્પદ ટિપ્પણી પહેલા અને પછી, તેમણે મીરાની ભક્તિના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે ભક્તિથી વ્યક્તિને શક્તિ મળે છે અને મીરા ભગવાન કૃષ્ણની ભક્તિમાં એટલી તલ્લીન થઈ ગઈ હતી કે તે પોતાના તમામ સુખ-દુઃખ ભૂલી ગઈ હતી. તેમણે કહ્યું, "જ્યારે મીરાને ઝેરનો પ્યાલો પીવડાવવામાં આવ્યો, ત્યારે ભગવાન કૃષ્ણ મીરાના શરીરમાં પ્રવેશ કરીને પોતે જ તે ઝેર પી ગયા અને મીરાને બચાવી લીધી. એ શક્તિ આજે મારી પાસે નથી, કારણ કે તે ભગવાન હતા."જોકે, ભાષણના આ સારા પાસાને બદલે, "જનતાને મૂર્ખ બનાવવાની" તેમની ટિપ્પણીનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેમના આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચા શરુ થઈ ગઈ છે અને લોકો તેમના નિવેદન પર અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે જો આપણે મીરા અને કૃષ્ણની ૧૦-૨૦ ટકા વાતો પણ અપનાવી લઈએ તો આજે જે માહોલ બગડ્યો છે તે સુધરી જશે.

### ઓડિશા સરકારે એક મોટો નિર્ણય લીધો

# બીડી, સિગારેટ, ગુટખા, તમાકુ સહિતના તમામ પદાર્થો પર ઓડિશામાં પ્રતિબંધ

### આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે ઝરદા, ખૈની, ગુટખા અને અન્ય તમાકુ ઉત્પાદનોનું સેવન કેન્સરનું મુખ્ય કારણ છે

ભુવનેશ્વર, તા.૨૨

૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, ઓડિશા સરકારે તમાકુ અને પાન મસાલા અંગે એક મોટો નિર્ણય લીધો છે. બીડી, સિગારેટ, ગુટખા, તમાકુ અને ઝરદા સહિતના તમામ પદાર્થો પર હવે ઓડિશામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં તેમના પેકેજિંગ, સંગ્રહ, પરિવહન, વિતરણ, ઉત્પાદન, પ્રક્રિયા અને વેચાણ પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે.

પ્રતિબંધિત તમાકુ ઉત્પાદનોની યાદી

ગુટખા, પાન મસાલા, ઝરદા અને ખૈની.બધા પ્રકારના ફ્લેવર્ડ, સેન્ટેડ અથવા એડિટિવ્સ મિક્ષ ચાવવાના ઉત્પાદનો. પેકેજ્ડ કે અનપેકેજ્ડ બન્ને પ્રકારના તમાકુ ઉત્પાદનો,અલગ અલગ પેકેટ જે મિક્ષ કરીને ખાવામાં આવે છેઁ તમાકુ અથવા નિકોટિન ધરાવતું કોઈપણ ખાદ્ય ઉત્પાદન, નામ ગમે તે હોય.આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે ઝરદા, ખૈની, ગુટખા અને અન્ય તમાકુ ઉત્પાદનોનું સેવન કેન્સરનું મુખ્ય કારણ છે. વધુમાં, પાન મસાલા, પાન, સોપારી અને ધૂપ પત્તા જેવા ઉત્પાદનો પણ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આ ઉત્પાદનો સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર અને WHO એ તેમને કેન્સર પેદા કરનાર જાહેર કર્યા છે. મોં, ગળા, પેટ, કિડની, ફેફસાં વગેરેના કેન્સરનું જોખમ નોંધપાત્ર રીતે વધે છે. ઓડિશામાં ૪૨% થી વધુ પુખ્ત વયના લોકો ધૂમ્રપાન રહિત તમાકુનો ઉપયોગ કરે છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા લગભગ બમણું છે. બાળકો અને યુવાનો ખાસ કરીને તેનાથી પ્રભાવિત થાય છે. તે વ્યસન તરફ દોરી જાય છે અને મૌખિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આ નિર્ણય સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો અનુસાર લેવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે પ્રતિબંધ અંગે એક સૂચના જારી કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "આ પ્રતિબંધ તમામ મૌખિક તમાકુ ઉત્પાદનોને આવરી લે છે અને સુપ્રીમ કોર્ટના ચુકાદાથી મજબૂત બને છે, જે કાનૂની માળખાને વધુ મજબૂત બનાવશે."સરકારે જનતાને આ નિયમનું પાલન કરવા અને તમાકુમુક્ત ઓડિશા બનાવવામાં મદદ કરવા અપીલ કરી છે. આ પગલું રાજ્યમાં કેન્સર અને અન્ય રોગોને રોકવા તરફ એક મોટું પગલું છે.

### કઠપૂતળી જેવા રાજ્યપાલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ જઈશું

# રાજ્યપાલનું વર્તન કઠપૂતળી જેવું હતું : CM સિદ્ધારમૈયા

### કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત વિધાનસભામાં ભાષણ વાંચતા માત્ર બે લાઇન જ બોલ્યા અને પછી નીકળી ગયા હતા

બેંગલુરુ, તા.૨૨

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત વિધાનસભામાં ભાષણ વાંચતા માત્ર બે લાઈન જ બોલ્યા અને પછી નીકળી ગયા. હવે આ અંગે રાજકારણ ગરમાયું છે અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તેમને કેન્દ્ર સરકારની કઠપૂતળી ગણાવી દીધા છે. તેમણે કહ્યું કે, રાજ્યપાલનું વર્તન એવું હતું કે જાણે તેઓ કેન્દ્ર સરકારની કઠપૂતળી હોય. ગુરુવારે વિધાનસભા સત્ર શરુ થયું હતું અને આ દરમિયાન રાજ્યપાલે માત્ર પહેલી બે જ લાઈન વાંચી. તેમણે વાંચ્યું, મારી સરકાર રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસની ગતિ બમણી કરવા માટે પ્રતિબદ્ધ છે. જય હિંદ, જય કર્ણાટક. આ વાંચીને તેઓ નીકળી ગયા.

તેમણે માત્ર બે જ લાઈનમાં પોતાનું ભાષણ પૂરું કરી દેતાં હોબાળો મચી ગયો. સત્તારુઢ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ રાજ્યપાલ વિરુદ્ધ શેમ-શેમના નારા લગાવવાનું શરુ કરી દીધું. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે, રાજ્યપાલે આખું ભાષણ ન વાંચીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. રાજ્યપાલનું વર્તન કઠપૂતળી જેવું હતું. રાજ્યપાલ ગેહલોતે બંધારણ પ્રમાણે પોતાની જવાબદારીનું પાલન નથી કર્યું. અમે તેમના આ વર્તન વિરુદ્ધ પ્રદર્શન કરીશું. અમે એ પણ જોઈશું કે, શું રાજ્યપાલ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી શકાય કે નહીં. છેલ્લા કેટલાક સમયથી રાજ્યપાલ અને મુખ્યમંત્રી વચ્ચે તણાવ જોવા મળી રહ્યો છે. જોકે, તેમ છતાં પણ ગુરુવારે જ્યારે રાજ્યપાલ વિધાનસભા પહોંચ્યા ત્યારે દરવાજા પર જ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, વિધાનસભા અધ્યક્ષ યુટી ખાડેકર અને અનેક મંત્રીઓએ તેમનું સ્વાગત કર્યું. ગેહલોતે બુધવારે ઈનકાર કરી દીધો હતો કે, હું વિધાનસભામાં ભાષણ નહીં આપીશ. જેના કારણે ગૃહની શરુઆતમાં રાજ્યપાલ દ્વારા ભાષણ આપવાની પરંપરાનું પાલન થશે કે નહીં તે અંગે ચિંતા ઊભી થઈ ગઈ હતી.રાજ્યપાલનું ભાષણ કુલ ૧૧ ફકરાનું હતું અને એવો આરોપ છે કે તેનો મોટાભાગનો હિસ્સો કેન્દ્ર સરકારની ટીકાથી ભરેલો હતો. આના કારણે જ સરકાર અને રાજ્યપાલ વચ્ચે તણાવ ઊભો થયો હતો. રાજ્યપાલ ઈચ્છતા હતા કે ભાષણના મોટાભાગના હિસ્સાને હટાવી દેવામાં આવે, પરંતુ સિદ્ધારમૈયા સરકાર આ અંગે રાજી ન થઈ. અંતે રાજ્યપાલ ગૃહમાં તો પહોંચ્યા, પરંતુ માત્ર બે જ લાઈનમાં પોતાનું ભાષણ પૂરું કરી દીધું અને ત્યાંથી જતા રહ્યા.

### સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યું એલર્ટ

# દેશભરમાં વેચાતી ૧૬૭ દવાઓના નમૂના ફેલ

### તપાસ દરમિયાન માત્ર હલકી ગુણવત્તા જ નહીં, પરંતુ ગંભીર પ્રકારની નકલી દવાઓનું મોટું નેટવર્ક પણ સામે આવ્યું

નવી દિલ્હી, તા.૨૨

ભારતમાં વેચાતી ૧૬૭ દવાઓ ગુણવત્તાના ટેસ્ટમાં ફેલ થઈ છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન(CDSCO)એ ડિસેમ્બર ૨૦૨૫ના અહેવાલમાં આ દવાઓને નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વોલિટી(NSQ) જાહેર કરીને લોકોને સાવધ કર્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ ૧૬૭ અસુરક્ષિત દવાઓમાંથી ૭૪ સેમ્પલ કેન્દ્રીય ડ્રગ્સ એજન્સી દ્વારા ફેલ કરવામાં આવ્યા છે, જ્યારે ૯૩ સેમ્પલ વિવિધ રાજ્યોની ઓથોરિટી દ્વારા લેવામાં આવેલા ટેસ્ટમાં નબળા જણાયા છે. આ દવાઓને નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વોલિટી(NSQ) જાહેર કરવામાં આવી છે.

તપાસ દરમિયાન માત્ર હલકી ગુણવત્તા જ નહીં, પરંતુ ગંભીર પ્રકારની નકલી દવાઓનું મોટું નેટવર્ક પણ સામે આવ્યું છે. ઉત્તર ભારતની ગાઝિયાબાદ લેબમાં ૪ નકલી સેમ્પલ મળી આવ્યા બાદ ગુજરાતના અમદાવાદ(FDA) સહિત બિહાર અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી પણ નકલી અને નબળી ગુણવત્તાની દવાઓના પુરાવા મળ્યા છે. આશ્ચર્યજનક વાત એ છે કે આ દવાઓ બજારમાં પ્રચલિત અને જાણીતી બ્રાન્ડ્સના નામનો ગેરકાયદેસર ઉપયોગ કરીને બનાવવામાં આવતી હતી, જે સીધી રીતે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં સમાન છે. હાલમાં આ મામલે સત્તાધીશો દ્વારા કાયદેસરની તપાસ તેજ કરવામાં આવી છે.

મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ એક નિયમિત ક્વોલિટી ચેક છે. જે બેચ (Batch)ના સેમ્પલ લેવામાં આવ્યા હતા, માત્ર તે જ બેચ ફેલ થઈ છે. તેનો અર્થ એ નથી કે બજારમાં ઉપલબ્ધ તે નામની તમામ દવાઓ ખરાબ છે. જોકે, ગ્રાહકોએ દવા ખરીદતી વખતે અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

CDSCO દર મહિને આવા લિસ્ટ જાહેર કરે છે જેથી નકલી અને હલકી ગુણવત્તાની દવાઓને બજારમાંથી હટાવી શકાય. આ વખતે પકડાયેલી દવાઓ બનાવતી બિનઅધિકૃત સંસ્થાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### જવાબ આપો નહીંતર તમારા પર પ્રતિબંધ લગાવી દઈશું

# શંકરાચાર્યને ૪૮ કલાકમાં વહીવટીતંત્રની બીજી નોટિસ

### તંત્રે શંકરાચાર્યને નોટિસ ફટકારી ૨૪ કલાકમાં જવાબ માંગ્યો

પ્રયાગરાજ, તા.૨૨

ઉત્તર પ્રદેશમાં સંગમ તટ પર આયોજિત માઘ મેળામાં તંત્ર અને જ્યોતિષ પીઠના સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ૪૮ કલાકમાં તંત્રે શંકરાચાર્યને બીજી નોટિસ ફટકારી છે અને ૨૪ કલાકમાં જવાબ માંગ્યો છે. તેમજ સમયસર જવાબ ન મળતા મેળામાંથી પ્રતિબંધિત કરવાની ચેતવણી પણ આપી છે.મૌની અમાવસ્યાના દિવસે જ્યારે સંગમ તટ પર લાખો લોકોની ભીડ હતી, ત્યારે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પર નિયમો તોડવાનો આરોપ લાગ્યો છે. તંત્ર દ્વારા ફટકારવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે મંજૂરી વગર પ્રતિબંધિત વિસ્તારમાં બગ્ગી ચલાવી હતી અને સુરક્ષા માટે મુકેલા બેરિયર પણ તોડી નાખ્યા હતા. જ્યાં વાહન લઈ જવાની મનાઈ હતી ત્યાં બગ્ગી લઈ જવાને કારણે મેળાની આખી વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. આનાથી ત્યાં આવેલા લાખો લોકોની સુરક્ષા જોખમમાં મૂકાઈ હતી અને પોલીસને ભીડ સંભાળવામાં ખૂબ તકલીફ પડી હતી.

મેળા પ્રશાસને નોટિસમાં સ્વામીજીના પદ અંગે પણ ગંભીર સવાલ ઉઠાવ્યા છે. તંત્રએ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે, સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાને 'શંકરાચાર્ય' ગણાવીને મેળામાં ઠેર-ઠેર બોર્ડ અને બેનરો લગાવી રહ્યા છે, જ્યારે વાસ્તવમાં સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના શંકરાચાર્ય પદના ઉપયોગ પર રોક લગાવવામાં આવી છે. તંત્રનું માનવું છે કે કોર્ટના આદેશ છતાં આ રીતે પદનો પ્રચાર કરવો એ સીધી રીતે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન અને અવમાનના સમાન છે. આ બાબતને ગંભીરતાથી લઈને તંત્રએ તેમની સામે કડક વલણ અપનાવ્યું છે.પ્રશાસનની આ કાર્યવાહીથી સ્વામીજીના ભક્તો અને સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમના મીડિયા પ્રભારી શૈલેન્દ્ર યોગીરાજ સરકારે ગંભીર આક્ષેપ કર્યો છે કે સરકાર બદલાની ભાવના રાખીને આ બધું કરી રહી છે. તેમણે એવો પણ દાવો કર્યો કે તંત્રએ નિયમોનું ઉલ્લંઘન કરીને જૂની તારીખની(બેક ડેટ) નોટિસ ચોરીછૂપીથી પાછળના ભાગે ચોંટાડી દીધી છે, જે બિલકુલ યોગ્ય નથી. હાલમાં સ્વામીજીના પક્ષ તરફથી આ નોટિસનો જવાબ તૈયાર કરી લેવામાં આવ્યો છે અને તે ટૂંક સમયમાં તંત્રને સોંપવામાં આવશે. જો તંત્ર આ જવાબથી સંતુષ્ટ નહીં થાય, તો સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિબિરની જમીન અને તમામ સરકારી સુવિધાઓ પાછી ખેંચી લેવામાં આવી શકે છે અને તેમને મેળામાંથી બહાર પણ કરવામાં આવી શકે છે.

# ૧૪૦થી વધુ પુરુષ જવાનોની ટુકડીનું નેતૃત્વ કરશે સિમરન

નવી દિલ્હી, તા.૨૨

આ વર્ષે ૨૬ જાન્યુઆરીના રોજ કર્તવ્ય પથ પર થનારી પ્રજાસત્તાક દિવસની પરેડ એક ઐતિહાસિક પરિવર્તનની સાક્ષી બનશે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ૨૬ વર્ષીય આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સિમરન બાલા ઈતિહાસમાં પ્રથમ વખત ૧૪૦થી વધુ પુરુષ જવાનોની ટુકડીનું નેતૃત્વ કરશે. જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરાની રહેવાસી સિમરન બાલા પોતાના જિલ્લાની પ્રથમ મહિલા છે, જેમની CRPFમાં 'ગ્રૂપ A' અધિકારી તરીકે નિયુક્તિ થઈ છે. તેમણે પોતાના પ્રથમ પ્રયાસમાં જ UPSC CAPF પરીક્ષા પાસ કરી અને ટોપ ૧૦૦મા સ્થાન મેળવ્યું હતું.સિમરનની નિયુક્તિ ઘણા રાઉન્ડના કઠોર મૂલ્યાંકન અને પ્રેક્ટિસ પછી કરવામાં આવી છે. તે છેલ્લા એક મહિનાથી સખત પ્રેક્ટિસ કરી રહી છે. તેમણે જણાવ્યું કે, ટીમ સંકલન, ડ્રીલમાં ચોકસાઇ અને કમાન્ડના અમલીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સિમરનના મતે આ અવસર તેમના માટે સન્માનની સાથેસાથે એક મોટી જવાબદારી પણ છે.સિમરનની પહેલી ઓપરેશનલ પોસ્ટિંગ છત્તીસગઢના બસ્તરિયા બટાલિયનમાં થઈ હતી, જે ડાબેરી ઉગ્રવાદ (LWE)થી પ્રભાવિત વિસ્તાર હતો. ત્યાં તેમના સીનિયર અધિકારીઓએ તેમને એક શાંત અને નિર્ણાયક અધિકારી તરીકે ઓળખી, જેનો ફાયદો તેમને આ પરેડના નેતૃત્વ માટે મળ્યો.સિમરન બાલાનું માનવું છે કે આજના યુગમાં જવાબદારીઓ જેન્ડરના આધારે નહીં પરંતુ મેરિટના આધારે આપવામાં આવે છે. તેમણે કાશ્મીરની દીકરીઓ માટે એક ખાસ મેસેજ આપતાં કહ્યું કે, 'પોતાના પર વિશ્વાસ રાખો, મોટા સપના જુઓ અને સખત મહેનત કરો. આજે તકો યોગ્યતા પર આધારિત છે. આપણા દેશને દરેક ક્ષેત્રમાં સક્ષમ અને પ્રતિબદ્ધ મહિલાઓની જરૂર છે.'CRPF અધિકારીઓનું કહેવું છે કે સિમરનની નિયુક્તિ દળની અંદર બદલાતા નેતૃત્વના દાખલાને પ્રતિબિંબિત કરે છે. હવે મહિલા અધિકારીઓને માત્ર સહાયક ભૂમિકાઓ સુધી મર્યાદિત ન રાખીને તેમને ફ્રન્ટલાઈન અને નેતૃત્વની મુખ્ય જવાબદારીઓમાં સામેલ કરવામાં આવી રહી છે. જ્યારે સિમરન પુરુષ જવાનોની ટુકડીનું નેતૃત્વ કરશે, ત્યારે તે ન માત્ર એક પરેડ હશે, પરંતુ ભારતની સુરક્ષા તાકાતમાં બદલાતા કમાન્ડ માળખાનું એક સશક્ત પ્રતીક પણ હશે.

# યુવતીના ઘરમાં ઘૂસીને યુવકે પહેલા હત્યા કરી, પછી મૃતદેહ પંખે લટકાવ્યો

નાગપુર, તા.૨૨

નાગપુરમાં એક દુઃખદ ઘટના બની છે, જેમાં ૨૩ વર્ષની યુવતી પ્રાચી ખાપેકરની તેના જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. આ કેસની ગુથ્થી પોલીસે સફળતાપૂર્વક સુલઝાવી દીધી છે. ૨૩ વર્ષીય પ્રાચીએ આપઘાત કર્યો નહોતો, તેની એક તરફી પ્રેમમાં પાગલ પાડોશીએ હત્યા કરી નાખી હતી. તેણે પ્રાચીના ઘરમાં ઘુસીને ગળુ દબાવીને તેની હત્યા કરી, પછી તેના મૃતદેહને પંખા સાથે લટકાવીને હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ પોલીસે તેની ધરપકડ કરી લીધી છે.નાગપુરના ગોધની વિસ્તારમાં કલેક્ટર કોલોનીમાં રહેતી પ્રાચી હેમરાજ ખાપેકર (ઉ.વ ૨૩) બી.એ.ની વિદ્યાર્થિની હતી. તે શેર ટ્રેડિંગની ટ્રેનિંગ પણ લઈ રહી હતી. ૨૧ જાન્યુઆરીએ બપોરે તે ઘરના બેડરૂમમાં લટકેલી હાલતમાં મળી આવી હતી. પહેલાં બધાને લાગ્યું કે આ આત્મહત્યા છે. પરિવારના સભ્યો પણ આઘાતમાં હતા.શરૂઆતમાં પોલીસે આકસ્મિક મૃત્યુ (ADR) તરીકે કેસ નોંધ્યો હતો. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતાં જ સમજાયું કે આ આત્મહત્યા નહીં, પણ નિર્દય હત્યા છે. પ્રાચીના માથામાં ગંભીર ઈજા (હેડ ઈન્જરી) હતી. ગળા પર નિશાન અને શરીર પર અન્ય નિશાન પણ મળ્યા હતા. એટલે સ્પષ્ટ થયું કે કોઈએ તેનું ગળું દબાવ્યું, માથું દિવાલ કે ફ્લોર પર પટક્યું અને પછી તેના મૃતદેહને લટકાવી દીધો, જેથી આત્મહત્યા જેવું લાગે.પોલીસની તપાસમાં ખુલાસો થયો કે પ્રાચીની હત્યા તેના પડોશીએ કરી હતી. ૩૮ વર્ષીય શેખર અજાબરાવ ઢોરે (શેખર ઢોરે) નામના વ્યક્તિએ પ્રાચીની હત્યા કરી હતી. તે પ્રાચીને પ્રેમ કરતો હતો. તેણે પ્રાચીને પ્રપોઝ કર્યું હતું, પણ પ્રાચીએ તેને ના પાડી દીધી હતી. તેથી તેણે આવું ખતરનાક ષડયંત્ર રચ્યું હતું.જ્યારે પ્રાચીના માતા-પિતા અને ભાઈ કામે ગયા હતા અને તે ઘરમાં એકલી હતી, ત્યારે શેખર તેના ઘરમાં ઘૂસી ગયો હતો. ગુસ્સામાં આવીને તેણે પહેલાં પ્રાચીનું ગળું દબાવ્યું હતું, પછી તેનું માથું જોરથી દિવાલ કે જમીન પર પટક્યું હતું. હત્યા પછી તેણે મૃતદેહને લટકાવી દીધો હતો, જેથી લોકોને આત્મહત્યા લાગે.પોસ્ટમોર્ટમના રિપોર્ટના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. તપાસમાં શેખર પર શંકા ગઈ હતી અને પુરાવાઓ મળતાં તેની અટકાયત કરવામાં આવી હતી. પોલીસની પૂછપરછમાં તે પોપટની જેમ બોલવા લાગ્યો હતો. હાલ પોલીસે તેને જેલના સળીયાની પાછળ ધકેલી દીધો છે.

### જાહેર કરાયું નવું સમયપત્રક

# હવે રાત્રે પણ કરી શકાશે વૈષ્ણો દેવી માતાની ગુફાના દર્શન

### આ ગુફા વર્ષમાં માત્ર બે મહિના માટેજ ખુલ્લી રહે છે

જમ્મુ, તા.૨૨

જમ્મુ કાશ્મીરના રાયસી વિસ્તારના કટરા ખાતે આવેલ માતા વૈષ્ણો દેવી ધામની મુલાકાત લેતા ભક્તો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે, માઈભક્તો ફક્ત દિવસ દરમિયાન જ નહીં, પરંતુ રાત્રે પણ પવિત્ર ગુફાની મુલાકાત લઈ દર્શન કરી શકશે. ગયા મંગળવારે ૨૦મી જાન્યુઆરીએ, માતાના દર્શને આવતા ભાવિક ભક્તોએ રાત્રે ૧૦:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી પવિત્ર ગુફાની મુલાકાત લઈને માતાના દર્શન કર્યા હતા. પવિત્ર પ્રાચીન ગુફા મકરસંક્રાંતિ પર્વે ભાવિક ભક્તોના દર્શન માટે ખોલવામાં આવી હતી અને માર્ચના પહેલા અઠવાડિયા સુધી આ ગુફા ખુલ્લી રાખવામાં આવે તેવી સંભાવના છે.શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ દ્વારા, મકરસંક્રાંતિના પર્વ ઉપર પૂજા અર્ચના કર્યા પછી પ્રાચીન અને સુવર્ણ ગુફાના દરવાજા માઈ ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. ભક્તોની મોટી ભીડને કારણે, પવિત્ર ગુફા અગાઉ મર્યાદિત સમય માટે જ ખુલ્લી રાખવામાં આવતી હતી. હવે, ભક્તો સવારે ૧૦:૧૫ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી અને રાત્રે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મંદિરના દર્શન કરી શકશે.મીડિયા અહેવાલો અનુસાર, ગયા બુધવાર ૨૧મી જાન્યુઆરીના બપોરે ૩:૦૦ વાગ્યા સુધીમાં ૧૩,૦૦૦ થી વધુ ભાવિક ભક્તોએ વૈષ્ણોદેવી માતાના મંદિરની મુલાકાત લીધી હતી. ૨૦ જાન્યુઆરીએ, આશરે ૧૮,૨૦૦ ભક્તોએ મંદિરની મુલાકાત લીધી હતી. શ્રાઈન બોર્ડ અનુસાર, રાત્રે મંદિરના દરવાજા ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેથી વધુ ભક્તો પવિત્ર ગુફાના દર્શન કરી શકે.માતા વૈષ્ણો દેવીની પવિત્ર ગુફા વર્ષમાં, માત્ર બે મહિના માટે ખોલવામાં આવે છે. ગુફા સામાન્ય રીતે જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન ખોલવામાં આવે છે, કારણ કે આ સમય દરમિયાન મંદિરમાં ઓછી ભીડ હોય છે. લગભગ ૨૦,૦૦૦ ભક્તો દર્શન માટે દરરોજ મંદિરની મુલાકાત લે છે.નવેમ્બર ૨૦૨૫ માં, ભક્તોની સુવિધા માટે, શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે ગર્ભગૃહમાં હવન કરવા માટે એક નવી સુવિધા શરૂ કરી. આ સુવિધા હેઠળ, ભક્તો ઓનલાઈન અથવા ઓફલાઈન ફી ચૂકવી શકે છે. હવન ફી પ્રતિ ભક્ત રૂ.૩૧૦૦ અને બે ભક્તો માટે રૂ.૫૧૦૦ નક્કી કરવામાં આવી છે.

### જમ્મુ-કાશ્મીરમાં મોટી દુર્ઘટના

# સેનાનું વાહન ખીણમાં ખાબકતા ૧૦ જવાનો શહીદ, અનેક ઈજાગ્રસ્ત

## એક સૈન્ય વાહન ૧૭ જવાનોને લઈને જઈ રહ્યું હતું ત્યારે ડોડા જિલ્લાના ભદ્રવાહ-ચંબા આંતરરાજ્ય માર્ગ વિસ્તારમાં ખાની ટોપ પાસે ખીણમાં ખાબક્યું

જમ્મુ, તા.૨૨

જમ્મુ-કાશ્મીરના ડોડામાં ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. જમ્મુ-કાશ્મીરના ડોડાના ભદ્રવાહ વિસ્તારમાં ભારતીય સેનાનું વાહન ખીણમાં ખાબકતા ૧૦ જવાન શહીદ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. જ્યારે ૭ જેટલા જવાનો ઈજાગ્રસ્ત થયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનોને એરલિફ્ટ કરવામાં આવ્યા છે.

સેનાના અધિકારીઓએ દુર્ઘટના વિશે માહિતી આપતાં જણાવ્યું કે, ગુરુવારે એક સૈન્ય વાહન ૧૭ જવાનોને લઈને ઊંચાઈવાળા વિસ્તારમાં આવેલી ચોકી તરફ જઈ રહ્યું હતું. ત્યારે ડોડા જિલ્લાના ભદ્રવાહ-ચંબા આંતરરાજ્ય માર્ગ વિસ્તારમાં ખાની ટોપ પાસે ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં આ વાહન ખાબક્યું હતું. આ દુર્ઘટનામાં ૧૦ જવાનો શહીદ થયા છે, જ્યારે અન્ય જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.આ દુર્ઘટનાની જાણ થતાં જ સેના અને પોલીસની સંયુક્ત ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. સ્થાનિક લોકો પણ પોલીસ અને રેસ્ક્યુ ટીમને મદદ કરવા માટે આગળ આવ્યા હતા. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ૧૦ જવાનોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત જવાનોને પણ બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી અનેકની હાલત ગંભીર છે. આ ત્રણ ઈજાગ્રસ્તોને હેલિકોપ્ટર દ્વારા ઉધમપુરની કમાન્ડ હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા છે, જ્યાં તેમને વિશેષ સારવાર આપવામાં આવી રહી છે. સેનાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, દુર્ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને ઘાયલ જવાનોને શ્રેષ્ઠ શક્ય સારવાર આપવામાં આવી રહી છે. જીવ ગુમાવનારા જવાનોના પરિવારોને જાણ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ભદ્રવાહ-ચંબા સ્ટેટ રોડ પર ખન્ની ટોપ પાસે સેનાનું એક વાહન બેકાબૂ થઈને રસ્તા પરથી લપસી ગયું અને લગભગ ૨૦૦ ફૂટ ઊંડી ખાઈમાં ખાબક્યું. આ દર્દનાક અકસ્માતમાં ભારતીય સેનાના ૧૦ જવાનો શહીદ થઈ ગયા. જ્યારે કેટલાક જવાનો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ વાહન હાઈ અલ્ટીટ્યૂડ પોસ્ટ તરફ જઈ રહ્યું હતું. ત્યારે અચાનક વાહન પરથી કાબૂ ગુમાવ્યો અને વાહન ઊંડી ખાઈમાં ખાબક્યું. અકસ્માત બાદ સેના અને પોલીસે સંયુક્ત રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું. રાહત બચાવ દરમિયાન ૧૦ મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિન્હાએ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. એલજી કાર્યાલય તરફી બહાર પાડવામાં આવેલા શોકસંદેશમાં કહેવાયું છે કે ડોડામાં થયેલા દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં આપણા ૧૦ બહાદુર ભારતીય સેનાના જવાનોની શહાદતથી ખુબ દુખી છું. તેમની ઉત્કૃષ્ટ સેવા અને સર્વોચ્ચ બલિદાન હંમેશા યાદ રાખવામાં આવશે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. એલજી કાર્યાલયે વધુમાં કહ્યું કે આ દુખની ઘડીમાં આખો દેશ શોકગ્રસ્ત પરિવારોની સાથે છે.

### હવામાનમાં ફેરફાર લાંબો સમય સુધી નહીં રહે

# છેલ્લા બેથી ત્રણ દિવસથી ઉત્તર ભારતમાં ઠંડી ઓછી થવા લાગી

## શુક્રવારથી ઉત્તર ભારતના પર્વતીય અને મેદાની વિસ્તારોમાં હવામાન એક અઠવાડિયા સુધી સંપૂર્ણપણે બદલાઈ જશે

નવી દિલ્હી, તા.૨૨

છેલ્લા બેથી ત્રણ દિવસથી ઉત્તર ભારતમાં ઠંડી ઓછી થવા લાગી છે. જોકે, હવામાનમાં આ ફેરફાર લાંબો સમય સુધી નહીં રહે. શુક્રવારથી ઉત્તર ભારતના પર્વતીય અને મેદાની વિસ્તારોમાં હવામાન એક અઠવાડિયા સુધી સંપૂર્ણપણે બદલાઈ જશે. સતત બે પશ્ચિમી વિક્ષેપો સક્રિય થવાથી ઉત્તર પશ્ચિમ ભારતમાં હવામાનમાં થોડો ફેરફાર થશે. પર્વતોમાં ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં ચક્રવાતી પવનો વરસાદ, જોરદાર પવન અને તાપમાનમાં વધઘટ તરફ દોરી જશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પહેલો પશ્ચિમી વિક્ષેપ ૨૩ જાન્યુઆરીએ સક્રિય થશે, જ્યારે બીજો વધુ અસરકારક રહેશે અને ૨૬ થી ૨૮ જાન્યુઆરી વચ્ચે તેની અસર બતાવી શકે છે. આ દરમિયાન કાતિલ ઠંડીની આગાહી કરવામાં આવી છે. અનેક રાજ્યોમાં વરસાદ પણ વરસી શકે છે.

જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૨૩ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન ભારે વરસાદ અને હિમવર્ષાની અપેક્ષા છે. ખાસ કરીને ૨૩ જાન્યુઆરીએ કાશ્મીર ખીણ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે. આનાથી પર્વતોમાં ઠંડીનું મોજું વધુ તીવ્ર બનશે.

મેદાની વિસ્તારોમાં, ૨૩ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ પૂર્વી ઉત્તર પ્રદેશમાં વરસાદ પડી શકે છે. આ સમયગાળા દરમિયાન, ઘણા વિસ્તારોમાં ૩૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડા અને જોરદાર પવનની ચેતવણી આપવામાં આવી છે.

હવામાનશાસ્ત્રીઓ કહે છે કે વરસાદ પ્રદૂષણ ઘટાડશે, પરંતુ ઉત્તર-પશ્ચિમ તરફથી ફૂંકાતા ઠંડા પવનો તાપમાનમાં ફરી ઘટાડો કરી શકે છે. આનો અર્થ એ છે કે વરસાદ અને હિમવર્ષા પછી કાતિલ ઠંડીની લહેર શરુ થશે. જે ગયા અઠવાડિયા જેટલી તીવ્ર હોઈ શકે છે. આગામી દિવસોમાં, ઉત્તર ભારતમાં ફરી એકવાર પવન, વાદળો, ધુમ્મસ, ભેજ અને તાપમાન સહિત તમામ હવામાન ફેરફાર સાથે કાતિલ ઠંડીનો શિયાળો અનુભવાશે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૩ જાન્યુઆરીથી પૂર્વ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશ બંનેમાં ભારે પવન ફૂંકાશે અને હવામાન બદલાશે.

દિલ્હી એનસીઆર હાલમાં આ સિઝનની તીવ્ર ઠંડીથી થોડી રાહત અનુભવી રહ્યું છે. લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે, અને દિવસનું તાપમાન ૨૬ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું છે. જોકે, દિલ્હીમાં આ શિયાળાનો પહેલો વરસાદ ૨૩ જાન્યુઆરીએ પડી શકે છે. ૨૬ થી ૨૮ જાન્યુઆરીની વચ્ચે વરસાદની બીજી લહેર આવવાની શક્યતા છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણી પણ હળવા વરસાદથી પ્રભાવિત થઈ શકે છે.

# નીતિન નબીનની ભાજપમાં મોટા ફેરફારોની જાહેરાત

## નવી યોજના મુજબ ભાજપના યુવા પાંખના રાષ્ટ્રીય અધ્યક્ષની ઉંમર ૩૫ વર્ષ અથવા તેથી ઓછી રહેશે

નવી દિલ્હી, તા.૨૨

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને પક્ષમાં મોટા ફેરફારો કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. તેમણે ભાજપના કેટલાક હોદ્દા માટે વય મર્યાદા લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

૪૫ વર્ષના નીતિન નબીન ભાજપના અત્યાર સુધીના સૌથી યુવા પ્રમુખ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને 'મિલેનિયલ નેતા' તરીકે ઓળખાવ્યા છે. હવે નબીન ભાજપને યુવાનોની પાર્ટી બનાવવા માંગે છે.નવી યોજના મુજબ ભાજપના યુવા પાંખના રાષ્ટ્રીય અધ્યક્ષની ઉંમર ૩૫ વર્ષ અથવા તેથી ઓછી રહેશે. એ જ રીતે, રાજ્ય યુવા પાંખના વડા ૩૨ વર્ષની આસપાસના યુવા નેતા જ હશે. બુધવારે થયેલી બેઠકમાં આ વય મર્યાદાના કડક પાલન પર સહમતિ બની છે.આવનારા વર્ષોમાં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં ચૂંટણીઓ યોજાવા જઈ રહી હોવાથી આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પક્ષના ચૂંટણી પ્રચાર માટે મજબૂત સંદેશાવ્યવહાર, સંગઠન અને સરકાર સાથે સંકલન કરવા બાબતે પણ આ બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

નીતિન નબીને પાર્ટીના નેતાઓને ખાસ સૂચના આપતાં કહ્યું હતું કે, કોઈપણ નેતાએ ગમે ત્યાં એલફેલ નિવેદનો આપવા નહીં.

મીડિયા સાથે વાત કરવી હોય તો ફક્ત સત્તાવાર વ્યક્તિઓએ જ પાર્ટીના વિચારો રજૂ કરવા, બાકીના નેતાઓએ બોલવામાં સાવધાની રાખવી.બેઠકમાં ભાજપ સંગઠન મહાસચિવ બી.એલ. સંતોષે એવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે મજૂરો અને ખેડૂતો સુધી પહોંચવા માટે ભાજપે અલગ ટીમો બનાવવી જોઈએ. ખાસ કરીને, 'વિકસિત ભારત' અને 'જી રામ જી' જેવી યોજનાઓના ફાયદા લોકો બરાબર સમજી શકે, એ માટે અલગ પ્રચાર સેલ બનાવવાનો વિચાર એમણે રજૂ કર્યો હતો.ટૂંકમાં, નીતિન નબીનને કાર્યભાર સંભાળતા જ ભાજપમાં યુવાનોને વધુ તકો આપવા, ચૂંટણી પ્રચારને મજબૂત બનાવવા અને પાર્ટીના સંદેશને વ્યવસ્થિત રીતે પહોંચાડવાની જરૂરિયાત પર ભાર મૂકીને હકારાત્મક શરૂઆત કરી છે.

### દીકરીના મોતના સમાચારથી પરિવાર પર આભ તૂટ્યું

# ગાંધીનગરની ખાનગી કોલેજમાં વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો

## કોલેજ છૂટ્યા બાદ ક્લાસરૂમમાં જ ખાધો ફાંસો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં એક ખાનગી કોલેજની વિદ્યાર્થીનીએ ક્લાસ રૂમમાં આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ક્લાસરૂમમાં લાલેગા CCTV માં વિદ્યાર્થીનીના આપઘાતની ઘટના કેદ થઈ છે. મૂળ રાધનપુરની ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીએ આપઘાત કરી લેતા પોલીસે તપાસ શરૂ કરી છે. ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી જે. એમ. ચૌધરી કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને F.Y. B.A.માં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય શિવાની આહીરે પોતાના ક્લાસરૂમમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. કોલેજ છૂટ્યા બાદ ક્લાસ રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોત વ્હાલુ કર્યું છે. મૃતક શિવાની આહીર પાટણના રાધનપુરના સામેત્રાની વતની છે. કોલેજના પ્રથમ વર્ષમાં યુવતી અભ્યાસ કરી રહી હતી. સેક્ટર-૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હજી વિદ્યાર્થીનીના આત્મહત્યાનું કારણ જાણી શકાયુ નથી, અમે તપાસ કરી રહ્યાં છે તેવું ગાંધીનગરના ડીવાયએસપી દિવ્યપ્રકાશ ગોહિલે જણાવ્યું. શિવાની આહીર ગુમ થઈ છે, તેવી જાણ પોલીસને કરવામાં આવી હતી. જેના બાદ કોલેજ અને પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીની ગૂમ થતાં પરિવારને પણ જાણ કરવામાં આવી હતી. પરિવાર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર મામલે સેક્ટર ૭ પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. વિદ્યાર્થીના આપઘાત પાછળનું કારણ અકબંધ છે.વિદ્યાર્થીનીએ જે ક્લાસરૂમમાં આપઘાત કર્યો હતો, તેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. વિદ્યાર્થીની આત્મહત્યા કરતા પહેલાના અંતિમ સીસીટીવી ફૂટેજ ચોંકાવનારા છે. દીકરીના મોતના સમાચારથી પરિવાર ભાંગી ગયો હતો. તેઓએ લાડકોડથી દીકરીને ભણાવવા મોકલી હતી. પરંતુ તેના મોતના સમાચાર આવ્યા હતા. તપાસમાં સામે આવ્યું છે કે, યુવતીની આજથી પરીક્ષા શરૂ થવાની હતી, તેથી તે ટેન્શનમાં હતી. જોકે, પોલીસ આ દિશામાં પણ તપાસ કરી રહી છે.

### દારૂની બોટલો અને ઝાડુ લટકાવતા ખળભળાટ

# ભાજપના ધારાસભ્યની ઓફિસ પાસે જ રાષ્ટ્રધ્વજનું અપમાન!

## ભાજપના ધારાસભ્ય દિનેશ કુશવાહની ઓફિસની નજીક આવેલા સર્કલ પર રાષ્ટ્રધ્વજનું અપમાન થતા ભારે રોષ

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં એક તરફ સરકાર કડક દારૂબંધી અને રાષ્ટ્રભક્તિના દાવા કરે છે, પરંતુ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આ બંને દાવાઓના લીરેલીરા ઉડાવતી એક શરમજનક ઘટના સામે આવી છે. બાપુનગરના ભાજપના ધારાસભ્ય દિનેશ કુશવાહની ઓફિસની સાવ નજીક આવેલા સર્કલ પર રાષ્ટ્રધ્વજ સાથે ઝાડુ અને તેની પાસેના પુતળા પર દારૂની બોટલો લટકાવવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરસપુર વિસ્તારમાં આવેલા એક જાહેર સર્કલ પર સ્થાપિત પ્રતિમા પાસે રાષ્ટ્રધ્વજ લહેરાય છે. આ પવિત્ર સ્થળ પર અજાણ્યા તત્વો દ્વારા દારૂની ખાલી બોટલો અને ઝાડુ લટકાવી દેવામાં આવ્યા હતા. આ ઘટના ધોળા દિવસે જાહેર માર્ગ પર બની હોવા છતાં, કલાકો સુધી પોલીસ કે કોર્પોરેશનના અધિકારીઓનું ધ્યાન ગયું નહોતું. ધારાસભ્યની ઓફિસ પણ નજીકમાં જ હોવા છતાં આ પ્રકારે રાષ્ટ્રધ્વજનું અપમાન થવું તે તંત્રની ઘોર નિષ્ક્રિયતા દર્શાવે છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેના પગલે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા હતા. આ મામલો ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના ધ્યાને આવતા જ તંત્ર હરકતમાં આવ્યું હતું. તાત્કાલિક અસરથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમને સ્થળ પર મોકલીને અપમાનજનક વસ્તુઓ દૂર કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોમાં આક્રોશ છે કે જો ભાજપના ધારાસભ્યની ઓફિસ પાસે જ તિરંગાનું આ પ્રકારે અપમાન થતું હોય અને દારૂની બોટલો મળી આવતી હોય, તો અન્ય વિસ્તારોની શું સ્થિતિ હશે? લોકોની માંગ છે કે આ હરકત કરનાર અસામાજિક તત્વોને તાત્કાલિક પકડી પાડવામાં આવે અને તેમની સામે દેશદ્રોહનો ગુનો નોંધવામાં આવે. હાલમાં આ ઘટનાને પગલે બાપુનગર પોલીસ દ્વારા અજાણ્યા શખ્સો સામે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### ડઝનબંધ લોકોની રોજગારી પર તલવાર!

# રાજકોટના ચાંદી બજારમાં ૫૦ જેટલા યુનિટ બંધ

## એક કારખાનામાં ૧૫ જેટલા કારીગરો કામ કરતા હતા, જેમની સામે હાલમાં માત્ર બે જ કારીગર કામ કરી રહ્યા છે

રાજકોટ, તા.૨૨

વિશ્વવિખ્યાત રાજકોટની ચાંદી બજારની ચમક ચાંદીએ જ છીનવી લીધી છે. એક તરફ સોના - ચાંદીના ભાવ દરરોજ એક નવી ઐતિહાસિક સપાટી હાંસલ કરી રહ્યા છે. તો બીજી તરફ રાજકોટનો ચાંદી ઉદ્યોગ મંદીના અજગર ભરડામાં ફસાયો છે. હાલમાં ૫૦ જેટલા ચાંદીના યુનિટ બંધ થયા હોવાનું ખુદ ચાંદીના મેન્યુફેક્ચર કરતા માલિકે જણાવ્યું છે. જેના કારણે હાલમાં લાખો લોકોની રોજગારી ઉપર તલવાર લટકી રહી છે.

જ્વેલરી માર્કેટનું નામ આવે એટલે સ્વભાવિક રીતે જ રાજકોટની યાદ આવે. પરંતુ દેશભરમાં જ્વેલરી હબ તરીકે ઓળખાતા રાજકોટને હાલના સમયમાં કોઈની નજર લાગી ગઈ હોય તેવા તથ્યો સામે આવી રહ્યા છે. એક સમયે માત્ર ચાંદીની ચમકથી ચમકતા રાજકોટનાં જ્વેલરી બજારમાં હાલ ચાંદીની ચમક છીનવાઈ ગઈ હોય અને ચારેય તરફ માયુસી છવાઈ ગઈ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. હાલના સમયમાં ઐતિહાસિક સપાટીએ પહોંચેલા સોના-ચાંદીના ભાવ વચ્ચે રાજકોટમાં ૫૦ જેટલા ચાંદીના યુનિટ બંધ થયા હોવાની વિગતો સામે આવી રહી છે. રાજકોટમાં ચાંદીના દાગીના મેન્યુફેક્ચર કરતા માલિકોના કહેવા અનુસાર, ચાંદીના મેન્યુફેક્ચર યુનિટમાં પહેલા મહિના દરમિયાન આશરે ૩૦૦ કિલો ચાંદીનું કામ મળતું હતું. જેની સામે હાલમાં ન કહી શકાય એટલું ઓછું કામ મળે છે. જેના કારણે રાજકોટમાં ૫૦ જેટલા ચાંદીના યુનિટ બંધ થયા છે. આ એક કારખાનામાં ૧૫ જેટલા કારીગરો કામ કરતા હતા, જેમની સામે હાલમાં માત્ર બે જ કારીગર કામ કરી રહ્યા છે.ચાંદીના દાગીના બનાવનાર એક યુનિટના માલિકે આપેલી માહિતી અનુસાર, છેલ્લા ૬ મહિનામાં આ એક જ યુનિટની અંદર ૧૩ જેટલા કારીગરોની રોજગારી છીનવાઈ ગઈ છે. આ તો માત્ર એક જ કારખાનાની વાત થઈ. આવા તો અનેક કારખાના રાજકોટમાં આવેલા છે. રાજકોટની ચાંદી બજારમાં માત્ર એક-બે જગ્યાએ નહીં પરંતુ જે ચાંદીના કારખાનામાં જ્યાં જુઓ ત્યાં હાલ બેહાલ જોવા મળશે. અહીંયા ન કોઈ કારીગર દેખાય છે ન કોઈ કામગીરી થતી દેખાય છે. જ્યાં જુઓ ત્યાં અંધકાર નજરે પડે છે. આજ અંધકાર ચાંદી બજારની વાસ્તવિક પરિસ્થિતિ છે.

માહિતી મુજબ, રાજકોટના સામા કાંઠે વિસ્તારમાં ૧૨૦૦ કરતાં પણ વધુ ચાંદીના મેન્યુફેક્ચર કરતાં કારખાનાઓ આવેલા છે. જોકે ચાંદી મેન્યુફેક્ચર કરતા આ યુનિટના માલિકનું કહેવું છે કે, હાલમાં ૫૦ કારખાનાઓ બંધ થઈ ગયા છે અને હજુ પણ આગામી સમયમાં વધુ કારખાના બંધ થાય તેવી શક્યતા છે. આ એક કારખાનામાં ૧૫થી ૨૦ જેટલા કારીગરો કામ કરતા હોય છે, જેથી ૫૦ જેટલા કારખાનાઓ બંધ થવાથી આ ડઝનબધ્ધ લોકોની રોજગારી છીનવાઈ રહી હોવાની ભીતિ સર્જાઈ રહી છે.આ ઉપરાંત ચાંદીનું છૂટક કામ મહિલાઓને ગૃહ ઉદ્યોગ તરીકે અપાતું હોય છે એટલે કે રાજકોટમાં લાખો લોકો ચાંદી કામની રોજગારી સાથે જોડાયેલા હોય છે. રાજકોટ શહેરમાં સોના ચાંદીનું કામ એટલું બધું હોય છે કે અહીંયા બીજા રાજ્યોમાંથી કારીગરો કામ કરવા માટે આવતા હોય છે. ત્યારે હાલની ચાંદી બજારમાં મંદીની સ્થિતિ સર્જાતા અહીંયા કામ કરતા કારીગરોએ કહ્યું કે, હાલમાં કામ એટલું ઓછું મળે છે કે તેઓને ઘર ચલાવવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પરંતુ શા માટે સર્જાઈ આવી ગંભીર પરિસ્થિતિ? આ અંગે મળતી વિગતો અનુસાર, રાજકોટ શહેરમાં સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરવા દૂર દૂરથી લોકો આવતા હોય છે, અહીંયા બનતી ડિઝાઈન લોકોને ખાસ પસંદ આવતી હોય છે. એમાં પણ હાલમાં લગ્ન ગાળાની સિઝન ચાલી રહી છે. આ સિઝનમાં લોકો ખાસ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરતા હોય છે. પરંતુ આ વખતે સોના-ચાંદીનો ભાવ એટલો વધ્યો છે કે લોકોએ પણ પોતાની ખરીદી ઉપર કાપ મૂકવો પડે છે. પરિણામે જેમ જેમ ચાંદીના ભાવ વધતા ગયા તેમ તેમ ચાંદીની ડિમાન્ડ ઘટતી જોવા મળી રહી છે. જેથી ચાંદીની ડિમાન્ડ ઘટતાની સાથે જ મેન્યુફેક્ચરરોની જે કામ મળતું હતું તે ક્રમશઃ ઘટતું ગયું. જેથી રાજકોટની ચાંદી બજારમાં છેલ્લા છ મહિનાથી આવા જ મંદીના હાલ જોવા મળી રહ્યા છે.

ચાંદીના છેલ્લા પાંચ વર્ષના ભાવની વાત કરવામાં આવે તો કેટલીક વિશ્વસનીય વેબસાઈટ ઉપરથી મળતી માહિતી મુજબ પ્રતિ કિલો ચાંદીનો ભાવ વર્ષ ૨૦૨૧માં ૬૨,૫૭૨ રૂપિયા હતો. જે વર્ષ ૨૦૨૨માં ૫૫,૦૦૦ રૂપિયા થયો, બાદમાં ક્રમશઃ વર્ષ ૨૦૨૩માં રૂ. ૭૮,૬૦૦, વર્ષ ૨૦૨૪માં ૯૫,૭૦૦ રૂપિયા, વર્ષ ૨૦૨૫માં ૨,૬૨,૦૦૦ રૂપિયા અને વર્ષ ૨૦૨૬માં ચાંદીમો ભાવ ૩,૦૦,૦૦૦ રૂપિયાને પાર પહોંચ્યો છે, પરંતુ ના અને ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે તેમની પાછળનું કારણ શું?

આ અંગે વેપારીઓએ જણાવ્યું કે, હાલમાં અમેરિકા દ્વારા જે ટેરીફવોર ચાલે છે, તેના કારણે સોના-ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉપરાંત ચાંદીનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટમાં વધ્યો છે, તે પણ સોના-ચાંદીના વધતા ભાવ અંગેનું એક મહત્વનું પરિબળ છે.

ઉપરાંત અલ્પેશ દુધાગરા નામના એક ગ્રાહકે આ મામલે કહ્યું હતું કે, તેમને ત્યાં પ્રસંગ આવે છે આ માટે તેઓએ રિવાજ પ્રમાણે ચાંદીના દાગીના આપવાના હોય છે.

આ માટે તેઓએ પ્રસંગ નજીક આવે ત્યારે નવી ડિઝાઈનના દાગીના ખરીદવાનું નક્કી કર્યું હતું, જોકે રાહ જોવામાં તેમને વધુ કિંમત ચૂકવવાનો વારો આવ્યો છે.

# ગાંધીનગરની ખાનગી કોલેજમાં વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો

બેંગ્લુરુ, તા.૨૨

બેંગ્લુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક વિદેશી મહિલા સાથે છેડતીનો મામલો સામે આવ્યો છે. અહીં એર ઈન્ડિયા એસએટીએસના ગ્રાઉન્ડ સ્ટાફકર્મી મોહમ્મદ અફફાનની કોરિયન મહિલાની છેડતી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.આરોપીએ મહિલાને કથિત રીતે ફ્લાઈટ ચૂકી જવાનો ડર દેખાડ્યો અને સામાનમાં ગડબડના બહાને તેને એકાંતમાં લઈ ગયો અને તેની છેડતી કરી. એરપોર્ટ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ધરપકડ કરી લીધી છે. બીજી તરફ કંપનીએ કાર્યવાહી કરતા તેને તાત્કાલિક અસરથી બરતરફ કર્યો છે.કોરિયન મહિલાએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું સોમવારે ૧૯ જાન્યુઆરીના રોજ કોરિયા જતી ફ્લાઈટમાં સવાર થવા માટે એરપોર્ટ પર હતી. ઈમિગ્રેશન તપાસ પૂર્ણ કર્યા બાદ હું ટર્મિનલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન મોહમ્મદ અફફાન નામના એક પુરુષ કર્મચારીએ મારી સાથે સંપર્ક કર્યો અને મને ફ્લાઈટ ટિકિટ બતાવવા માટે કહ્યું. પછી તેણે દાવો કર્યો કે મારા ચેક-ઈન સામાનમાં કોઈ સમસ્યા છે અને તેમાંથી બીપનો અવાજ આવી રહ્યો છે.અફફાને કથિત રીતે મહિલાને કહ્યું કે, નિયમિત સ્ક્રીનિંગ કાઉન્ટર પર પાછા જવામાં સમય લાગશે અને તમે ફ્લાઈટ ચૂકી જશો. તેણે ભાર મૂકીને કહ્યું કે, તેની અલગથી તપાસ થવી જોઈએ અને તે મહિલાને પુરુષોના વોશરૂમ પાસે લઈ ગયો. મહિલાએ વાંધો ઉઠાવ્યો છતાં અફફાને તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. જ્યારે મહિલાએ વિરોધ કર્યો ત્યારે તેણે કથિત રીતે તેને ગળે લગાવી અને ચાલ્યો ગયો.આ ઘટના બાદ તરત જ મહિલાએ તેની જાણ એરપોર્ટ સુરક્ષાકર્મીઓને કરી. ત્યારબાદ પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ તપાસ શરૂ કરી. પોલીસે સીસીટીવી ફૂટેજની તપાસ દરમિયાન અફફાનની આ ઘૃણાસ્પદ હરકત જોઈ. કોરિયન મહિલાની ફરિયાદના આધારે વધુ તપાસ ચાલી રહી છે. એર ઈન્ડિયા એસએટીએસએ આ ઘટનાને અક્ષમ્ય ગણાવી અને કહ્યું કે કંપનીએ અફફાનને બરતરફ કરી દીધો છે. એર ઈન્ડિયાએ આ ઘટનાને કારણે થયેલી માનસિક વેદના માટે દુઃખ વ્યક્ત કર્યું છે અને મુસાફરને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.

### ગુજરાતમાં બ્લાઈન્ડિંગ લાઈટ્સ સામે સ્પેશિયલ ડ્રાઈવ

# સાવધાન! કારમાં સફેદ LED લાઈટ હશે તો હવે ખેર નથી

## રાત્રે સામેવાળાની આંખો અંજાઈ જાય તેવી સફેદ લાઈટનો ત્રાસ શહેરના અનેક વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે

અમદાવાદ, તા.૨૨

જો તમે પણ તમારી કારની હેડલાઈટ્સ બદલાવીને તેમાં વ્હાઈટ લાઈટો નંખાવી છે, તો ચેતી જજો. ગુજરાત વાહનવ્યવહાર વિભાગ હવે આવા વાહનચાલકો સામે લાલ આંખ કરી રહ્યું છે. ટ્રાફિક સુરક્ષાને ધ્યાને રાખીને રાજ્યભરમાં આવી ગેરકાયદે લાઈટો વિરુદ્ધ સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવશે, જેમાં ભારે દંડ અને જેલ સુધીની સજાની જોગવાઈ છે. જાગૃત નાગરિકોની વ્યાપક ફરિયાદો બાદ કમિશનર કચેરીએ તમામ RTO ને આદેશ આપ્યા છે કે ગેરકાયદે મોડિફાઈડ લાઈટો ધરાવતા વાહનોને ડિટેઈન કરવા. વાહન માલિકો પાસેથી તોતિંગ દંડ વસૂલવો અને વારંવાર નિયમ ભંગ કરનારનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવી. આજકાલ વાહનચાલકોમાં કંપની ફિટેડ હેલોજન (પીળી) લાઈટ્સ હટાવીને આફ્ટર-માર્કેટ તેજ સફેદ લાઈટો લગાવવાનો ક્રેઝ વધ્યો છે. આ લાઈટો સામેથી આવતા વાહનચાલકોની આંખોને ક્ષણિકભરમાં અંધ કરી દે છે. જેના કારણે સામેથી આવતા ચાલકને રસ્તો દેખાતો બંધ થઈ જાય છે. ક્ષણિક અંધાપો આવતા ગંભીર અકસ્માતો સર્જાય છે. અમદાવાદના એસ.જી. હાઈવે અને સિંધુ ભવન રોડ જેવા વિસ્તારોમાં લક્ઝુરિયસ ગાડીઓમાં બ્લેક ફિલ્મ અને આવી ડેઝલિંગ લાઈટોનો ત્રાસ વધ્યો છે.ઓટોમોબાઈલ એક્સપર્ટ્સ જણાવે છે કે સફેદ લાઈટ જોવામાં સ્ટાઈલિશ લાગે છે, પરંતુ તે સુરક્ષાની દ્રષ્ટિએ નકામી છે. સફેદ લાઈટ વરસાદ કે ધુમ્મસમાં રિફ્લેક્ટ થાય છે, જેનાથી ડ્રાઈવરને પોતાને પણ રસ્તો સ્પષ્ટ દેખાતો નથી. જ્યારે પીળી લાઈટની વેવલેન્થ એવી હોય છે જે ધુમ્મસ અને વરસાદને ભેદી શકે છે, જેનાથી વિઝિબિલિટી સારી રહે છે.રોડ સેફ્ટી નિષ્ણાતોના મતે, ભારતમાં થતા કુલ અકસ્માતોમાંથી આશરે ૪૦% અકસ્માતો રાત્રિના સમયે થાય છે. તેના પાછળ અનેક વૈજ્ઞાનિક કારણો જવાબદાર હોય છે. જ્યારે તમારી આંખ પર સીધી તેજ સફેદ લાઈટ પડે છે, ત્યારે આંખની કીકીને ફરીથી સામાન્ય સ્થિતિમાં આવતા ૩ થી ૯ સેકન્ડ જેટલો સમય લાગે છે. જો તમારી ગાડી ફૂલ સ્પીડમાં હોય, તો આ ૭-૮ સેકન્ડમાં ગાડી અંદાજે ૫૦ મીટર કે તેથી વધુ અંતર કાપી નાખે છે. આટલા સમયમાં ચાલક સંપૂર્ણપણે બ્લાઈન્ડ હોય છે, જે અકસ્માત માટે પૂરતું છે.

### સમગ્ર દેશમાં ૫-ડે વર્કવીક લાગુ કરવાની માંગ

# હડતાલના કારણે સતત ૪ દિવસ બંધ રહેવાની છે બેંકો

## દેશભરના બેંક યુનિયનોનું કહેવું છે કે, પાંચ દિવસનું કામકાજી અઠવાડિયું કર્મચારીઓ પરનું દબાણ ઘટાડશે

નવી દિલ્હી, તા.૨૨

ભારતાં બેંક ગ્રાહકોને જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. કારણ કે દેશભરના બેંક કર્મચારીઓ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ હડતાળ પર જશે અને સમગ્ર દેશમાં ૫-ડે વર્ક વીક લાગુ કરવાની માંગ કરશે. ખાસ વાત એ છે કે, ૨૪ જાન્યુઆરીએ મહીનાનો ચોથો શનિવાર હોવાથી બેંકો પહેલેથી જ બંધ રહેશે. ત્યારબાદ ૨૫ જાન્યુઆરીએ રવિવાર છે અને ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસની રજા છે.આ સ્થિતિમાં જો હડતાળ થાય છે તો બેંકો સતત ચાર દિવસ સુધી બંધ રહી શકે છે, જેના કારણે તાત્કાલિક બેંકિંગ કામકાજ માટે આવનારા લોકોને મુશ્કેલી પડી શકે છે. દેશભરના બેંક કર્મચારીઓ લાંબા સમયથી ૫ દિવસ કામ અને ૨ દિવસ રજા માટે માંગ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે આ નિર્ણયથી કર્મચારીઓ પર કામનું દબાણ ઘટશે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (United Forum of Bank Unions)નું કહેવું છે કે, માર્ચ ૨૦૨૪માં પગાર સંમતિ દરમિયાન આ મુદ્દે સહમતિ થઈ હતી, પણ હજુ સુધી તેને લાગુ કરવામાં આવ્યું નથી. આ જ માંગને લઈને ૨૭ જાન્યુઆરી January, ૨૦૨૬ના રોજ દેશભરના બેંક કર્મચારીઓ હડતાળ પર જશે.૫-ડે વર્કવીકની માંગ કેમ વધી?-દેશભરના બેંક યુનિયનોનું કહેવું છે કે, પાંચ દિવસનું કામકાજી અઠવાડિયું કર્મચારીઓ પરનું દબાણ ઘટાડશે. ૫-ડે વર્કવીકથી બેંક કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે અને તેઓ પરિવાર સાથે વધુ સમય વિતાવી શકશે. હાલમાં દેશના તમામ કેન્દ્ર સરકારની કચેરીઓ અને નાણાકીય સંસ્થાઓમાં ૫-ડે વર્કવીક લાગુ છે. એ જ રીતે બેંક કર્મચારીઓ પણ આ જ માંગ કરી રહ્યા છે.અધિકારીઓની નિમણૂક કરશે RBI- રિઝર્વ બેંક આ સ્કીમ હેઠળ પોતાના એક કે વધારે અધિકારીઓને RBI ઓમ્બડ્સમેન અને RBI ડેપ્યુટી ઓમ્બડ્સમેનના રૂપમાં નિયુક્ત કરશે. આ અધિકારીઓની નિયુક્તિ સામાન્ય રીતે ત્રણ વર્ષના પીરિયડ માટે કરવામાં આશે. આ અધિકારી સ્કીમ હેઠળ તેમના સોંપવામાં આવેલા કાર્ય કરશે.વર્ક-લાઈફ બેલેન્સ માટે જરૂરી-બેંક યુનિયનોનું કહેવું છે કે, આથી ગ્રાહકોને થોડીક તાત્કાલિક અસુવિધા થઈ શકે છે, પણ યુનિયનનું માનવું છે કે લાંબા ગાળે આ પગલું શ્રેષ્ઠ વર્ક-લાઈફ બેલેન્સ અને કાર્યક્ષમતા માટે જરૂરી છે.

# સાવરકુંડલા ખાતે વેસ્ટર્ન રેલ્વેના જી.એમ. વિવેકકુમાર ગુપ્તાનું સ્વાગત કરાયું






પશ્ચિમ રેલવે (વેસ્ટર્ન રેલવે) ના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તા આજે સાવરકુંડલાની મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલા શહેર અને તાલુકાના શ્રેષ્ઠીઓ દ્વારા તેમનું અત્યંત ઉષ્માભર્યું અને પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્થાનિક ઓળખ સાથે સન્માન સાવરકુંડલાની જે વૈશ્વિક ઓળખ છે, તેવા મશહૂર વજન કાંટા, હુંફાળી ગરમ શાલ અને સ્થાનિક કૃષિ પેદાશ એવી મગફળી અર્પણ કરી જનરલ મેનેજરનું સન્માન કરવામાં આવ્યું હતું. રેલ્વેના ઉચ્ચ અધિકારીને સ્થાનિક સંસ્કૃતિ અને ઉદ્યોગથી પરિચિત કરાવવાનો આ એક સુંદર પ્રયાસ રહ્યો હતો.રેલવે વિકાસ અને સુવિધાઓ અંગે મહત્વની બેઠક, આ મુલાકાત માત્ર શિષ્ટાચાર પૂરતી સીમિત ન રહેતા, રેલવેના વિકાસ કાર્યો માટે એક મહત્વનું પ્લેટફોર્મ બની હતી. આ દરમિયાન એક વિશેષ બેઠકનું આયોજન થયું હતું જેમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ સુતરીયા (સાંસદ), ધારાસભ્ય, મહેશભાઈ કસવાલા, શહેરના અગ્રણીઓ અને વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ બેઠકમાં જનરલ મેનેજર સાથે સાવરકુંડલા રેલવે સ્ટેશન અને આસપાસના વિસ્તારોમાં રેલવેની સુવિધાઓ વધારવા બાબતે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે મુસાફરો માટે સ્ટેશન પર પાયાની સુવિધાઓમાં વધારો કરવો. નવી ટ્રેનોની શકયતાઓ પર વિચાર કરી યોગ્ય કાર્યવાહી કરવી, રેલવે સ્ટેશન પર પહોંચવા માટેના રસ્તાઓ અને પ્લેટફોર્મની વ્યવસ્થા. રેલવે તંત્ર દ્વારા આગામી સમયમાં હાથ ધરવામાં આવનારા પ્રોજેકટસની સમીક્ષા પણ કરવામાં આવી, ધારાસભ્ય અને સાંસદએ સ્થાનિક જનતાની રજૂઆતોને જી.એમ. સમક્ષ મક્કમતાથી મૂકી હતી, જેનો સકારાત્મક પ્રતિસાદ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## બાર કાઉન્સીલની પરીક્ષા પાસ કરી લીલીયા મોટા ખાતે એડવોકેટની કામગીરી શરૂ કરતાં એડવોકેટ વ્રજનીબેન ભાલાળા

### બાર એસોસીએશનનાં પ્રમુખ પાઠક દ્વારા આવકાર

લીલીયા, તા. ૨૨

લીલીયા મોટાના રહીશ દ્વારકેશ બિલ્ડીંગ મટીરીયલ્સના વેપારી ધર્મેશભાઈ ભાલાળાની પુત્રી વ્રજનીબેન ભાલાળાએ બીકોમ એલ.એલ.બી.નો અભ્યાસ પુર્ણ કરી ઓલ ઈન્ડીયા બાર કાઉન્સીલ –૨૦ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરતા ગુજરાત બાર કાઉન્સીલે વકીલાત કરવા માટે સર્ટીફીકેટ ઓફ પ્રેકટીસ ઈસ્યુ કરી વકીલાતની સનદ આપેલ છે તે અનુસંધાને આજરોજ લીલીયા તથા અમરેલી જિલ્લા અદાલત અને તાબાની કોર્ટમા પ્રેકટીસ કરવા માટે એડવોકેટ વ્રજનીબેન ભાલાળાએ તેમની સનદનીસ નોંધણી લીલીયાના પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડી. મેજી. સમક્ષ નોધણી કરાવતા અભિનંદન આપેલ અને લીલીયા



બારના પ્રમુખ કિશોર પાઠક, સેક્રેટરી ભડકોલીયા તથા ઉપપ્રમુખ જિતેન્દ્ર પાઠક તથા મનોજ દવે, નરેશ હેલૈયા તથા સંજય બગડા વિગરે વકીલો લીલીયા બારમાં આવકારી આશિર્વાદ સાથે અભિનંદન આપેલ છે. ત્યારબાદ કોર્ટના રજીસ્ટ્રાર તથા સ્ટાફોએ પણ અભિનંદન આપી આવકારેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં વેપારી ઉપર હુમલો કરનારનું**

ત્યારબાદ તા. ૨૧/૧/૨૦૨૬ના રોજ શો–રૂમમાં અપ્રવેશ કરી ફરિયાદી પર છરી વડે જીવલેણ હુમલો કરી હાથ તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

**વીજ ચોરીની કાર્યવાહી :** આ બનાવ બાદ બાબરા પોલીસ ટીમે પીજીવીસીએલ ટીમને સાથે રાખી આરોપીના રહેણાંક મકાને તપાસ કરતા ત્યાં બિન–અધિકૃત રીતે ગેરકાયદેસર વીજ વપરાશ થતો હોવાનું માલૂમ પડયું હતું. વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી કરી પીજીવીસીએલ દ્વારા આરોપીને ૨૪,૪૩૩નું પુરવણી બિલ ફટકારવામાં આવ્યું છે અને સ્થળ પરથી ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરી મીટર જપ્ત કરવામાં આવ્યું છે.

આરોપી વિરૂદ્ધ બાબરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૨, ૩૫૧(૩) તથા કલમ ૧૦૯(૧), ૩૨૯(૩), ૩૫૧(૩) મુજબ અલગ–અલગ ગુનાઓ રજીસ્ટર થયેલ છે. આ સમગ્ર સફળ કામગીરી બાબરા પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **મહિલાનું ઉદાર દિલ**

મેં બેનને કહ્યું કે અમારી સંસ્થાને આ યાત્રાના ખર્ચ માટે દાતાઓ તરફથી મદદ મળે છે અને વડીલોને નિઃશુલ્ક યાત્રા કરાવવાનો અમારો સંકલ્પ છે એટલે તમારો ફાળો લેવો નથી. પણ આખરે તેમના અતિ આગ્રહને કારણે તેમનો ફાળો મારે સ્વીકારવો પડયો. એ બેનને મેં ઘણીવાર અમરેલીની માર્કેટમાં સાયકલ પર બંને બાજુ મોટા થેલા લટકાવી સાયકલ હાથેથી દોરીને ચાલતા જતા જોયેલા. વધુ પૂછતાં ખબર પડી કે એ બેન છેલ્લા ૩૩ વર્ષથી પ્લાસ્ટિકની કેરી બેગ્સ દુકાને દુકાને જઈ વેચવાનું કામ કરે છે. એ બેન આવ્યા ત્યારે મારી ઓફિસમાં જોગાનુજોગ અમારા અનુકંપા ફાઉન્ડેશન સાથે સંકળાયેલા ત્રણ–ચાર મિત્રો બેઠા હતા. અમારા બધાના મનમાં એ વિચાર ચાલતો હતો કે સંસ્થાને આવા સેવાકાર્યો માટે અનેક સાધન સંપન્ન દાતાઓ દ્વારા મળતા હજારો રૂપિયાના દાન કરતા એક સામાન્ય પરિવારમાંથી આવતા આ બેનનો એક હજાર રૂપિયાનો ફાળો ખુબ મોટો છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા અને વડિયા પંથકમાં**

મહિલાને કહેલ કે, તમો બહું ચિંતામાં છો અને તમારો દિકરો બિમાર રહે છે અને તમારે બધુ સારૂ થઈ જશે. તમો ભાઈબીજના દિવસે ભુખલી સાંથળી ગામે રામા મંડળનું આખ્યાન જોવા માટે આવજો અને એક કિલો ગાયનું ચોખ્ખુ ઘી દિવેલ માટે લેતા આવજો. એ રીતે આ મહિલાને વિસમાં લઈ આ મહિલાએ કાનમાં પહેરેલ સોનાની કડીઓ આરોપીઓએ તેમના કપડામાં મુકી દયો તેમ કહી મહિલાની સોનાની કડી નં. ૨ વજન આશરે છ ગ્રામની કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મુકાવી મહિલાને વાતોમાં ભોળવી જઈ અને વિસમાં લઈ છેતરપિંડી અને વિસઘાત કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે ત્રીજા બનાવમાં વડિયા તાલુકાના જુના બાદલપુર ગામે રહેતાં જયંતિભાઈ ભીમજીભાઈ રૈયાણી નામનાં ૬૭ વર્ષીય વૃધ્ધ ખેડુત ગત તા. ૨૮/૧૧/૨૫ ના રોજ બપોરના બે વાગ્યાના સમયે ત્રણ અજાણ્યો માણસો જેના મોબાઈલ નં. ૭૫૬૭૦ ૪૩૨૧૯ વાળાઓ પોતાનું મોટર સાયકલ લઈને વૃધ્ધના ઘરે આવેલ અને પીવાનું પાણી માંગી વૃધ્ધને કહેલ કે તમો બહું ચિંતામાં છો અને તમારો દિકરો બિમાર રહે છે અને તમારૂં બધુ સારૂ થઈ જશે. તેમ કહી વૃધ્ધને વિસમાં લઈ અને વૃધ્ધના પત્નિએ કાનમાં પહેરેલ સોનાની બુંટીઓ નંગ–૨ નો વજન આશરે સાત ગ્રામની કિંમત રૂપિયા ૩૫,૦૦૦ની એક સફેદ કપડામાં મુકાવી દઈ અને વિધી કરાવવાના નામે વૃધ્ધને ભોળવી અને વિસમાં લઈ વૃધ્ધના પત્નિની સોનાની બુંટીઓ લઈ જઈ છેતરપિંડી અને વિસઘાત કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસને આરોપીઓના સગડ મળતાં આરોપીઓને ઝડપી પાડવા આરોપીઓનું પગેરૂ દબાવ્યું છે. જયારે આરોપીઓ હાથવેંતમાં હોવાનું જાણવા મળેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં વરસડા નજીકથી**

ગામે રહેતાં આશીફભાઈ મહમદભાઈ બાવનકા તથા જુનેદભાઈ મુસુફભાઈ બાવનકા નામના આરોપીઓએ પોતાના હવાલા વાળા ટ્રકના ફાલકામાં વચ્ચે પોટેશન કરી ઉપર નીચે કુરતાપુર્વક ખીચોખીચ ગૂંગળાઈ અને મરી જાય તે રીતે નાના મોટા ઘેટા–બકરા નંગ ૨૨૫ ભરી પ્રાણીઓ માટે પુરતા પાણી તથા ઘાસચારાની વ્યવસ્થા નહી રાખી તેમજ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે વેટેનરી ઓફીસરના પ્રમાણપત્ર વિના પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ભરી હેરાફેરી કરી પશુ પ્રત્યે ઘાતકી પણું દાખવી કતલખાને લઈ જવાના ઈરાદાથી કુલ નાના મોટા ઘેટા બકરા જીવ નંગ ૨૨૫ કિંમત રૂપિયા ૧૧,૨૫,૦૦૦ તથા ટ્રક વાહનની કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૯,૨૫,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જતાં અમરેલી તાલુકા પોલીસે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે ટ્રકમાંથી મળી આવેલને ઘેટા બકરાને કતલખાનાએ જતાં અટકાવી અને તેમને ગૌશાળામાં મોકલી આપી ૨૨૫ ઘેટા બકરાનો જીવ બચાવ્યો હતો.

### ખોડલધામ ટ્રસ્ટનાં ચેરમેન નરેશ પટેલ દ્વારા

## બાબરા ખોડલધામનાં કન્વીનર તરીકે ધર્મેશભાઈ વાવડીયાની વરણી

### સહ કન્વીનર તરીકે સી.ડી. દેસાઈ અને મનસુખ પાંભરની વરણી





બાબરા, તા. ૨૨

કાગવડ મુકામે ખોડલધામ ખાતે મા ખોડિયારના ૯માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી દરમિયાન ‘‘સંગઠન કન્વીનર મીટ–૨૦૨૬’’નું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ દ્વારા સંગઠન માળખાને વધુ મજબૂત બનાવવા માટે જિલ્લા, તાલુકા અને શહેર સ્તરના કન્વીનરોની નિમણૂક કરવામાં આવી હતી. આ નિમણૂક પ્રક્રિયા અંતર્ગત બાબરા શહેર લેઉવા પટેલ સમાજના જોશીલા અને સક્રિય યુવાનોની પસંદગી કરવામાં આવી છે, જેમાં બાબરા શહેર ખોડલધામ કન્વીનર તરીકે નગરપાલિકા સભ્ય ધર્મેશભાઈ વાવડીયાની વરણી કરવામાં આવી છે, જયારે સહ–કન્વીનર તરીકે સંઘના પ્રચારક ચંદ્રકાન્તભાઈ દેસાઈ તેમજ મનસુખભાઈ પાંભરની નિમણૂક કરવામાં આવી છે. બાબરા શહેર ખોડલધામ સંગઠનમાં આ મહત્વની જવાબદારી સોંપાતા જ શહેરના સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખુશીની લહેર પ્રસરી ગઈ છે. આ વરણીને વધાવતા બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, અગ્રણી વેપારી અનિભાઈ ટાઢાણી, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ ખોખરીયા, માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડિયા, શંભુભાઈ પાંચાણી, પ્રવિણભાઈ ભુવા તેમજ કપિલભાઈ ચોવટીયા સહિતના અગ્રણીઓએ નવનિયુક્ત પદાધિકારીઓને પુષ્પગુચ્છ અને સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનંદન પાઠવ્યા છે. લેઉવા પટેલ સમાજના અગ્રણીઓએ વિસ વ્યકત કર્યો છે કે આ નવી ટીમ ખોડલધામના આદર્શોને જન–જન સુધી પહોંચાડવામાં અને સામાજિક એકતાના કાર્યોમાં મહત્વનું યોગદાન આપશે.

## અવસાન નોંધ

**ચિતલ :** અમરેલી તાલુકાનાં મોણપુરનાં નિવાસી, આહીર અગ્રણી, પૂર્વ સરપંચ સ્વ. ભીખુભાઈ ગોરખભાઈ ડેર (વાવ વાળા)નાં પુત્ર અને પૂર્વ સરપંચ રામસિંગભાઈ ભીખુભાઈ ડેર (ઉ.વ. ૬૬) તે કનુભાઈ, મેકરણભાઈ અને રમેશભાઈના મોટાભાઈ અને કમલેશભાઈ તથા જયરાજભાઈના પિતાનું તા. ૨૧/૧/૨૦૨૬ને બુધવારનાં રોજ મોણપુર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.


## CHANGE OF NAME

I the Undersigned **KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI.** Here by declare that I have change my name **KOLADIA DHARMESH ARVINDBHAI** To **KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI.** Now onwords I would be know as **KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI.**

**KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI**
Address :- 50, Gate No :- 2
At Haripara, Dhari, Ta-Dhari, Dist-Amreli

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર, **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** જાહેર કરૂ છું કે, મે મારૂ જુનું નામ **કોલડીયા ધર્મેશ અરવિંદભાઈ** થી બદલીને નવું નામ **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** રાખેલ છે. જેથી હવે હું મારા નવા નામ **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** થી ઓળખાઈશ.

**કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ**
**સરનામું :– ૫૦, ગેઈટ નં. – ૨, મુ. હરિપરા, ધારી, તા. ધારી, જિ. અમરેલી**

**શ્રી તાલાળી ગ્રામ પંચાયત**
**તા. કુંકાવાવ–વડીયા, જી. અમરેલી**

## :: ટુંકી મુદ્દતની જાહેર હરરાજી ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ વડિયા તાલુકાના તાલાળી ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ગ્રામ પંચાયત હસ્તકની જર્જરીત કેન્દ્ર નં.–૫૦ ‘‘જુની આંગણવાડી મકાન’’ જેની અપસેટ વેલ્યુ રૂા. ૯૦૮૭/– છે તે ઈમારત તોડીપાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા.૨૭/૦૧/૨૦૨૬ને મંગળવારના રોજ સમય બપોરે ૦૧ : ૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી તાલાળી સ્થળે રાખેલી હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

**સરપંચશ્રી**
**તાલાળી ગ્રામ પંચાયત**
**મો. ૯૮૭૯૧ ૯૯૩૫૦**


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૫ | ૧૫૬૯ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૪૨૫ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૧૯૫ | ૧૪૩૫ |
| ૪ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૫ | શિંગદાણા | ૧૧૪૦ | ૧૬૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૨૦૦ |
| ૭ | તલ કાળા | ૧૯૫૦ | ૪૧૦૦ |
| ૮ | બાજરો | ૩૨૦ | ૬૬૫ |
| ૯ | જુવાર | ૯૦૫ | ૯૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૪૦ |
| ૧૨ | અડદ | ૧૦૯૦ | ૧૩૯૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૯૦ |
| ૧૪ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૧૫ |
| ૧૫ | તુવેર | ૯૨૫ | ૧૫૨૫ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૬૩૫ |
| ૧૭ | એરંડા | ૧૦૬૫ | ૧૨૭૦ |
| ૧૮ | જીરૂ | ૨૪૫૦ | ૪૫૦૦ |
| ૧૯ | ધાણા | ૧૨૯૦ | ૧૯૭૫ |
| ૨૦ | અજમા | ૨૫૬૦ | ૨૫૬૦ |
| ૨૧ | મેથી | ૭૯૦ | ૧૦૧૦ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૧૦૩૫ |
| ૨૩ | મરચા લાંબા | ૬૮૦ | ૫૧૩૦ |
| ૨૪ | કાંગ | ૫૪૦ | ૫૪૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૧ | ૧૩૦૦ |
| ૨ | ઘઉં | ૪૮૪ | ૫૦૪ |
| ૩ | તુવેર | ૧૨૦૫ | ૧૫૪૦ |
| ૪ | શીંગદાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| ૫ | અડદ | ૮૫૦ | ૧૧૨૦ |
| ૬ | સોયાબીન | ૮૬૦ | ૮૬૦ |
| ૭ | ધાણા | ૧૪૧૪ | ૧૪૧૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૫૧ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૫૦૦ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૨૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૫૧ |
| ૧૦ | જુવાર | ૬૪૧ | ૧૦૮૧ |
| ૧૧ | અડદ | ૬૭૫ | ૧૧૭૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૯૯૬ |
| ૧૩ | તુવેર | ૧૨૪૬ | ૧૫૩૫ |
| ૧૪ | ધાણા | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૧ | ૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૬૪૦ |
| ૨ | મગફળી જી ૨૦ | ૧૧૪૯ | ૧૪૨૧ |
| ૩ | ચણા | ૯૫૫ | ૧૦૩૫ |
| ૪ | જીરૂ | ૩૦૬૫ | ૪૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૭૬ | ૫૧૪ |
| ૬ | તુવેર | ૯૬૮ | ૧૩૪૨ |
| ૭ | તલ કાળા | ૩૦૦૫ | ૪૫૯૫ |
| ૮ | સોયાબીન | ૭૯૨ | ૯૬૮ |
| ૯ | તલ સફેદ | ૧૬૧૫ | ૧૮૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૩૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૪ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૨૦ |
| ૫ | ધાણા | ૧૫૧૦ | ૧૮૦૦ |
| ૬ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | સોયાબીન | ૮૫૦ | ૧૦૧૩ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૧૩૭૦ |
| ૯ | તુવેર | ૧૩૫૧ | ૧૪૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૫૫ | ૧૫૨૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૯૦ |
| ૧૨ | લસણ | ૩૦૦ | ૭૫૦ |
| ૧૩ | જુવાર | ૮૨૫ | ૧૦૪૫ |
| ૧૪ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | રાજગરો | ૧૫૫૧ | ૧૫૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૧૧ | ૧૮૧૧ |
| ૩ | તલ પીળા | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૮ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૪૮૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૮૫ |
| ૭ | જુવાર | ૪૬૦ | ૧૧૨૦ |
| ૮ | મગ | ૧૦૦૧ | ૧૨૨૬ |
| ૯ | અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૩૦ | ૮૩૦ |

### જિલ્લા પ્રમુખ વિજય દેસાઈની ઉપસ્થિતિમાં

# અમરેલી શહેર વિશ્વ હિન્દુ પરિષદનાં હોદેદારોની વરણી કરવામાં આવી

## પ્રમુખપદે ભાવેશ કાબરિયાને જવાબદારી સોંપાઈ





અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા વિ.હિ.પ. દ્વારા અમરેલી શહેરના નવ નિયુકત હોદેદારોની વરણી કરવામાં આવી જેમાં પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, વિશ્વ હિન્દુ પરિષદ,અમરેલી જિલ્લાના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા,વિભાગ પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી,કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, RSS કાર્ય વાહક સૌરભભાઈ મકવાણા, રમીલાબેન પટોળીયાની ઉપસ્થિતિમાં બેઠક મળી જેમાં અમરેલી શહેરના હોદેદારોની વરણી કરવામાં આવી, સર્વે આગવેનો એ વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી શહેરના હોદેદારોની નિયુક્તિના જય શ્રી રામ ના નારા સાથે જય ઘોષ કર્યો. વિશ્વ હિન્દુ પરિષદ – અમરેલી શહેર નવ નિયુક્ત ટીમ, પ્રમુખ–ભાવેશભાઈ દુલાભાઈ કાબરીયા, ઉપાધ્યક્ષ– અશ્વિનભાઈ નાથાભાઈ વાઢેર, ઉપાધ્યક્ષ– મહેશભાઈ મેરામભાઈ જળું, ઉપાધ્યક્ષ – રવિભાઈ રમેશભાઈ પંડયા, મંત્રી – પંકજભાઈ કાંતિભાઈ કાનાણી, અખાડા પ્રમુખ – જીતુભાઈ લખુભાઈ ખાખડિયા, અખાડા ઉપ પ્રમુખ – સાગરભાઈ જેરામભાઈ થળેસા, નગર સહ મંત્રી – શૈલેષભાઈ છગનભાઈ મકવાણા, નગર સહ મંત્રી – સાગરભાઈ ગોપાલભાઈ વણજારા, નગર સહ મંત્રી– ટીકુભાઈ રમેશભાઈ બથવાર, સંગઠન મંત્રી – લાલજીભાઈ મનુભાઈ ચાવડા, સંગઠન સહ મંત્રી – રમેશભાઈ શાંતિભાઈ ધાનાણી, સંગઠન સહ મંત્રી – આકાશભાઈ ભરતભાઈ પરીખ, સંગઠન સહ મંત્રી – હાર્દિકભાઈ ઉદેસિંગ તાવડે, સેવા પ્રમુખ – કેતનભાઈ મનસુખભાઈ ટાંક, સેવા સહ પ્રમુખ – નીરજભાઈ તારાચંદભાઈ ખૂબચંદાણી,ગૌ–રક્ષા પ્રમુખ – ભોજરાભાઈ કનુભાઈ વાળા, ગૌ – રક્ષા ઉપાધ્યક્ષ– ભાર્ગવભાઈ રાજુભાઈ જોષી, ગૌ – સેવા પ્રમુખ – પ્રશાંતભાઈ સુરેશભાઈ ચુડાસમા, ગૌ – સેવા ઉપાધ્યક્ષ – આશિષભાઈ અશ્વિનભાઈ જોષી, મઢ મંદિર પ્રમુખ – દેવાભાઈ રાજેશભાઈ જોષી, નિધિ પ્રકોપ – જીતુભાઈ અરજણભાઈ બથવાર, ધર્મ પસાર પ્રમુખ – પ્રકાશભાઈ ભાસ્કરભાઈ આચાર્ય, વ્યાપ પ્રમુખ – ઘનશ્યામભાઈ મનસુખભાઈ કાબરીયા, સામાજિક સમરસ્સા પ્રમુખ – મિતેશભાઈ ડાયાભાઈ મકવાણા, મીડિયા કન્વીનર – જયેશભાઈ શામજીભાઈ લીંબાણી, કાર્ય અદયક્ષ – જતીનભાઈ રજનીભાઈ શેઠ, કોષાધ્યક્ષ – દિલીપભાઈ જગુભાઈ ડેર, સત્સંગ પ્રમુખ – પ્રશાંતભાઈ પંકજભાઈ પરમાર, વિશેષ સંપર્ક પ્રમુખ – હિરેનભાઈ વિનુભાઈ કરેડનો સમાવેશ થાય છે.

# સાવરકુંડલાનું લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં એક વર્ષમાં ૨.૬૦ લાખ દર્દીઓની નિઃશુલ્ક સેવા





સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલામાં સ્થિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર આજે ગુજરાતભરમાં માનવતાપૂર્ણ અને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ માટે એક આગવી ઓળખ ધરાવે છે. આ સંસ્થાએ ગત એક વર્ષમાં આશરે ૨.૬૦ લાખ દર્દીઓને સારવાર આપીને સમાજ સેવામાં એક અનોખો દાખલો બેસાડયો છે. જો આ તમામ દર્દીઓએ ખાનગી કે કોર્પોરેટ હોસ્પિટલોમાં સારવાર લીધી હોત, તો અંદાજે ૫૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થાત, જે આ આરોગ્ય મંદિરના કારણે દર્દીઓ અને તેમના પરિવારો માટે બચી ગયો છે.

આ અંગે માહિતી આપતા મેડિકલ સુપરિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાએ જણાવ્યું હતું કે તેઓ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલામાં ફરજ બજાવે છે અને આ સંસ્થા ૧૦૦ ટકા નિઃશુલ્ક મેડિકલ સેવાઓ આપે છે. અહીં આવનાર કોઈપણ દર્દી પાસેથી તપાસ,સારવાર, ઓપરેશન, દવાઓ કે દાખલ દરમિયાનની કોઈ પણ સુવિધા માટે એક પણ રૂપિયો લેવામાં આવતો નથી. એટલું જ નહીં, દર્દી સાથે આવનાર સગા – સંબંધીને પણ રહેવા, ભોજન અને જરૂરી સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. માનવતાના આ અભિગમને કારણે આ સંસ્થા ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ બની છે. આ આરોગ્ય મંદિરનો શુભારંભ વિશ્વ વંદનીય પૂજય મોરારીબાપુના આશીર્વાદથી થયો હતો. વર્ષ ૨૦૧૫માં શરૂ થયેલી આ સંસ્થાએ શરૂઆતમાં થોડા વિભાગો સાથે સેવા કાર્ય શરૂ કર્યું હતું. સમય જતાં એક પછી એક નવા વિભાગો ઉમેરાતા ગયા અને આજે આ સંસ્થા એક વટવૃક્ષ સમાન વિકસિત થઈ ગઈ છે. જે સંસ્થા એક નાનકડી શરૂઆત હતી, તે આજે વિશાળ આરોગ્ય કેન્દ્ર બની સમાજને સેવા આપી રહી છે.લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં સામાન્ય રોગોની તપાસથી લઈને ગંભીર બીમારીઓની સારવાર સુધીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અદ્યતન તબીબી સાધનો, સુસજ્જ ઓપરેશન થિયેટર, અનુભવી ડોકટરો અને તાલીમ પ્રાપ્ત નર્સિંગ સ્ટાફના કારણે અહીંની સુવિધાઓ ઘણી કોર્પોરેટ હોસ્પિટલને પણ ટક્કર આપે તેવી છે. છતાં પણ, અહીં દરેક સારવાર સંપૂર્ણપણે નિઃશુલ્ક હોવાથી આ સંસ્થા અનન્ય સ્થાન ધરાવે છે.

ગત એક વર્ષના આંકડાઓ સંસ્થાની સેવા ભાવનાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. છેલ્લા એક વર્ષમાં ઓપીડી એટલે કે બહારગામ સારવાર માટે કુલ ૨,૬૦,૦૦૦ દર્દીઓ આવ્યા હતા. જો આ દર્દીઓએ અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હોત, તો અંદાજે ૧૫ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થાત. આ ઉપરાંત આઈપીડી એટલે કે દાખલ દર્દીઓની સંખ્યા ૨૨,૦૦૦થી વધુ રહી હતી. આ તમામ દર્દીઓના ઓપરેશન, દવાઓ, તપાસ અને અન્ય તમામ સારવારનો ખર્ચ જો ખાનગી હોસ્પિટલમાં થયો હોત, તો તે ૩૫ કરોડ રૂપિયાથી વધુ થાત. આમ, માત્ર એક જ વર્ષમાં કુલ મળીને ૫૦ કરોડ રૂપિયાથી વધુની નિઃશુલ્ક સારવાર સમાજને મળી છે.આ આંકડાઓ માત્ર આર્થિક બચત દર્શાવતા નથી, પરંતુ હજારો પરિવારોના ચહેરા પર આવેલી ખુશી અને આશાનું પ્રતીક છે. અનેક દર્દીઓને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળવાથી નવું જીવન મળ્યું છે. ડો. પ્રકાશ કટારીયાના જણાવ્યા મુજબ, આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ દર્દીને ભગવાન નારાયણ સમજીને સેવા કરવાનો છે.

અંતમાં, આ આરોગ્ય મંદિરની સેવા વધુ વિસ્તરે અને વધુ ને વધુ જરૂરિયાતમંદ લોકો સુધી તેનો લાભ પહોંચે તેવી સૌએ પ્રાર્થના કરી હતી. લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર માત્ર એક હોસ્પિટલ નહીં, પરંતુ માનવતા, કરૂણા અને નિઃસ્વાર્થ સેવાનું જીવંત મંદિર બની સમાજ માટે પ્રેરણારૂપ છે.

## ૨૩ જાન્યુઆરી, ''નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી'' 'તુમ મુજે ખૂન દો મૈં તુમ્હેં આઝાદી દુંગા' - સુભાષબાબુ



અમરેલી, તા. ૨૨

નેતાજી સુભાષચન્દ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭નાં રોજ ઓરિસ્સાનાં કટક શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાવતી હતું. જાનકીનાથ બોઝ કટક શહેરનાં પ્રખ્યાત વકીલ હતા. અંગ્રેજ સરકારે તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો. પ્રભાવતી અને જાનકીનાથ બોઝને કુલ ૧૪ સંતાનો હતાં, જેમા ૬ છોકરીઓ અને ૮ છોકરાઓ હતા. સુભાષચંદ્ર એમનું નવમું સંતાન અને પાંચમાં પુત્ર હતાં. સુભાષબાબુને પોતાના બધા ભાઈઓમાંથી સૌથી વધારે શરદચંદ્ર સાથે લગાવ હતો. શરદબાબૂ પ્રભાવતી અને જાનકીનાથના બીજા પુત્ર હતા. સુભાષ તેમને 'મેજદા' કહેતા હતા. શરદબાબૂની પત્નીનું નામ વિભાવતી હતું. બાળપણમાં સુભાષચંદ્ર બોઝ કટકમાં રવેન્શા કાલેજિએટ હાઈ સ્કૂલ નામની પાઠશાળામાં ભણતા હતાં. દેશ માટે મરી મીટવાની તેમની અંદરની ભાવના પાઠશાળાનાં દિવસોમાં જ તેમના શિક્ષક વેણીમાધવ દાસ દ્વારા ઉજાગર કરાઈ હતી. એમણે જ સુભાષચંદ્ર બોઝમાં રહેલ અંદરની સુપ્ત દેશભકિત જાગૃત કરી. ૨૫ વર્ષની ઉંમરે તેઓ ઘરેથી ભાગીને ગુરૂની શોધમાં હિમાલય ચાલ્યા ગયા હતા, પરંતુ ત્યારબાદ તેઓ સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચી તેમનાં શિષ્ય બની ગયા. તેમની દેશ માટેની લડતની શરૂઆત કોલેજકાળથી જ શરૂ થઈ ગઈ હતી. કોલકાતાની પ્રેસિડેંસી કોલેજનાં અંગ્રેજ પ્રાધ્યાપક ઓટેનનું ભારતીય વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર ઠીક ન હતો. આ માટે સુભાષચંદ્ર બોઝનાં નેતૃત્વમાં મહાવિદ્યાલયમાં હડતાલ કરાઈ હતી. બોઝને ૧૯૨૧માં ઈંગ્લેંડમાં તેઓ ભારતીય સિવિલ સેવાની પરીક્ષામાં સફળ રહ્યાં પણ તેમણે અંગ્રેજ સરકારની સેવા કરવાનો ઈન્કાર કર્યો અને રાજીનામું આપી તેઓ પાછા ભારત આવી ગયાં. તેમણે ભારતનાં લોકો ''તુમ મુજે ખૂન દો મૈં તુમ્હેં આઝાદી દુંગા'' સૂત્ર આપીને ભારતનાં લોકોમાં આઝાદી માટેની ભૂખ અને જોશ જગાડ્યા હતા. ઘણા વર્ષો પહેલા હિટલરે ''માઈન કામ્ફ'' નામક પોતાનું આત્મચરિત્ર લખ્યું હતું. આ કિતાબમાં એમણે ભારત અને ભારતીય લોકોની બુરાઈ કરી હતી. આ વિષય પર સુભાષબાબૂએ હિટલર સમક્ષ પોતાની નારાઝગી વ્યકત કરી ત્યારે હિટલરે પોતાના કાર્ય પર માફી માંગી અને ''માઈન કામ્ફ''ની આવનારી આવૃત્તીમાંથી એ પરિચ્છેદ કાઢી નાખવાનું વચન દીધું. એમને જર્મનીમાં ''ભારતીય સ્વતંત્રતા સંગઠન'' અને ''આઝાદ હિંદ રેડિયો''ની સ્થાપના કરી. એ જ વખતે સુભાષબાબૂ, ''નેતાજી'' નામથી જાણીતા થયા. દ્વિતીય વિયુદ્ધ પછી ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ નેતાજી હવાઈ જહાજથી માંચુરિયા તરફ જઈ રહ્યા હતા. આ સફર દરમિયાન તેઓ લાપતા થઈ ગયા ત્યારબાદ તેઓ કોઈને ક્યારેય નજર ન આવ્યા.

૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ જાપાનની ''દોમેઈ'' ખબર સંસ્થાએ દુનિયાને ખબર આપી, કે ૧૮ અગસ્ત ૧૯૪૫નાં રોજ, નેતાજીનું હવાઈ જહાજ તાઈવાનની ભૂમિ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થતા નેતાજીને અસ્પતાલમાં લઈ જવાયા જયાં તેમણે અંતિમ ઇસ લીધો. દુર્ઘટનાગ્રસ્ત હવાઈ જહાજમાં નેતાજીની સાથે એમના સહકારી કર્નલ હબિબૂર રહમાન હતા. એમણે નેતાજીને બચાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ સફળ ન રહ્યા પછી નેતાજીની અસ્થીઓને જાપાનની રાજધાની ટોકિયોમાં રેનકોજી નામક બૌધ્ધ મંદિરમાં રાખવામાં આવી. હકીકતમાં ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫નાં દિવસે નેતાજી ક્યાં લાપતા થઈ ગયા અને એમનું આગળ શું થયું આ ભારતનાં ઈતિહાસનો સૌથી મોટો અનુત્તરીત રહસ્ય બની ગયો છે. નેતાજીનું યોગદાન અને પ્રભાવ એટલો મહાન હતો કે એવું કહેવામાં આવે છે કે જો તે સમયે નેતાજી ભારતમાં હોત તો કદાચ ભારત એક સંઘ રાષ્ટ્ર બન્યુ હોત સ્વયં ગાંધીજીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો હતો.

**– મિતલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા

# વડિયા મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

## ૬૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી



અમરેલી, તા. ૨૨

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ–અમરેલી દ્વારા વડિયા મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસનું આયોજન પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત કરી હતી.

આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અન્વયે પ્રાકૃતિક બોર્ડના માસ્ટર ટ્રેનર અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર પણ ઉપસ્થિત રહ્યા હતા.

### શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા

# અમરેલી ખાતે પ.પુ. ૧૦૦૮ શ્રી જગદ્‌ગુરૂ શ્રી રામનંદાચાર્યજી મહારાજનાં જન્મોત્સવની ઉજવણી કરાઈ

## દીકરી–દીકરામાં શિક્ષણ વધારવા ભાર મૂકાયો

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ આયોજીત પ.પુ.૧૦૦૮ શ્રી જગદગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજના જન્મોત્સવની ઉજવણી કરાઈ.

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ આયોજીત પ.પુ.૧૦૦૮ શ્રી જગદગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજનો ૭૨૬મો જન્મોત્સવ તા.૧૦/૧/૨૦૨૬ શનિવારે સવીતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલી ખાતે ભવ્યતા ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

તાજેતરમાં નવનિયુકત પ્રમુખ જતિનભાઈ લશ્કરી, મહામંત્રી જીતુભાઈ ચરણદાસ, ઉપપ્રમુખ દિનેશભાઈ બાવનીયા તથા રમેશભાઈ દેવમુરારી તથા સહમંત્રી સંજયભાઈ એસ. અગ્રાવત તથા ખજાનચી ભાવેશ એમ. અગ્રાવતની નવી ટીમના માર્ગદર્શન નીચે કાર્યક્રમની તૈયારી કરવામાં આવેલ.

તા.૧૦/૧/૨૦૨૬ શનિવાર સાંજે સૌપ્રથમ ગુરૂજીનુ પુજન અર્ચન પ.પુ. મહંત શ્રી રામમનોહરદાસ બાપુ જાગૃત હનુમાન ગીરીયા તથા પ.પુ. મહંત શ્રી પ્રભુદાસ બાપુ વહા આપાની જગ્યા ચિતલ તથા કારોબારી હસ્તે કરવામાં આવ્યુ. શ્રી રામમનોહરદાસ બાપુ તથા છાત્રાલયના બાળકો કારોબારી સભ્યો જ્ઞાતિજનોએ હનુમાન ચાલીસાના પાઠ કરી વાતાવરણ ભકિતમય બનાવી દીધું.

સ્વાગત પ્રવચન કપિલભાઈ દેવમુરારીએ કર્યુ અને આવેલ મહેમાનો તથા વડીલો તથા સર્વે જ્ઞાતિજનો ભાઈઓ અને બહેનોનુ તથા કાર્યક્રમમાં ઉપસ્થિત સંતો મહંતોનુ શાબ્દીક સ્વાગત કરી આવકાર્યા તથા જ્ઞાતિ અગ્રણી વડીલોને સ્ટેજ ઉપર પધારવા આમંત્રિત કર્યા.

ત્યારબાદ આમંત્રિત સંતો મહંતોનુ સાલ/ફુલહાર/ભેટપુજા આપી રામમનોહરદાસ બાપુ તથા પ્રભુદાસ બાપુનું સન્માન કરવામાં આવ્યુ તેમજ બાપુને બહાર જવાનું હોવાથી આશીર્વચનનો દોર વચ્ચે શરૂ કરવામાં આવ્યો જેમાં રામમનોહરદાસ બાપુએ આ કાર્યક્રમને બીરદાવેલ તેમજ ટીમને અભિનંદન પાઠવી જ્ઞાતિ સમાજના હિતને લગતી બાબતોને આશીર્વાદમાં વણી સુંદર વ્યકિતત્વ રજુ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા હર હંમેશ મંડળની સાથે રહી આર્થીક યોગદાન આપે છે તેવા ડો. ચિરાગ કુબાવત (નારી હોસ્પીટલ – અમરેલી) રૂા. ૧૮,૦૦૦/– તથા શ્રી રમેશચંદ્ર કેશવલાલ દેવમુરારી રૂા. ૮,૧૦૦/– તથા કેપ્ટન હરીકૃષ્ણ સાધુ રૂા. ૫,૦૦૦/– વતી તેમના માતૃશ્રીનું સાલ/મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ તેમજ ગત ટર્મના પ્રમુખ આકાશ ડી. અગ્રાવત તથા મહામંત્રી જીતુભાઈ ચરણદાસનું તેની ગત ટર્મની સુંદર કામગીરી ધ્યાને લઈ સંતો મહંતો ધવારા મોમેન્ટો/સાલથી સન્માનીત કરાયા.

કાર્યક્રમના મધ્યે સેવા નિવૃતી સન્માનમાં છેલ્લા વર્ષે નિવૃત થયેલ કિરીટભાઈ બી. દેવમુરારી તથા ચંદુલાલ એ. ટીલાવત (પોલીસ ડીપાર્ટમેન્ટ)નું સાલ/ફુલહાર અર્પણ કરી નિવૃતી સન્માન કરી તેમની સેવા/કામગીરીને બીરદાવેલ.

તેજસ્વી વિદ્યાર્થીઓના શૈક્ષણીક ઈનામના દાતા સંજયભાઈ તથા અજયભાઈ અગ્રાવત વિજય આર્ટસ ધ્વારા ધોરણ – ૧૦ થી કોલેજ સુધીના કુલ ૧૮ વિદ્યાર્થીઓને તથા અમુભાઈ એચ. રામાવત ધોરણ ૬ થી ૯ ના કુલ ૧૨ વિદ્યાર્થીઓને તથા ડો. હર્ષ પંકજભાઈ દેવમુરારી (મારૂતી કલીનીક) ધોરણ ૧ થી ૫ના કુલ ૧૮ વિદ્યાર્થીઓને તથા રમેશચંદ્ર કાળીદાસ દેવમુરારીએ પ્રોતસાહીત ઈનામના કુલ ૨૬ વિદ્યાર્થીઓને આમ કુલ ૭૪ તેજસ્વી તારલાઓને શૈક્ષણીક ઈનામ આપવામાં આવેલ. આનંદની વાત તો એ રહી કે આ વર્ષે ગત વર્ષો કરતા સૌથી વધુ કુલ ૭૪ માર્કશીટ આવેલ અને દાતાઓને પણ ઈનામ આપતા ખુબજ આનંદ અનુભવ્યો. વધુમાં શ્રવણ પ્રસાદ કેન્દ્રના સંચાલક અને જીલ્લા મંડળના ટ્રસ્ટી ભીખુભાઈ અગ્રાવતનું સાલ/ફુલહારથી સન્માનીત કરવામાં આવેલ તથા સ્વ. કે.સી.નિમાવતની અર્ધપ્રતિમાને ભીખુભાઈ ધ્વારા ફુલહાર કરવામાં આવેલ.

આમ ઉપર મુજબ ઈનામો આપતી વખતે બાળકોના નામો માઈકમાં ઉચ્ચારણ થતા જ બાળકોની આવવાની એન્ટ્રી હોંસ તરવરાટ થનગનાટ જોતા રામાનંદી સાધુ સમાજનુ ભવિષ્ય ખુબ જ ઉજળુ પ્રગતિશીલ અને સમાજનું નામ રોશન થશે તેવું સ્પષ્ટ પ્રતિબીબ બાળકોના ચેહરા/ઉત્સાહથી જોવા મળેલ. અમરેલી શહેરમાં સતસંગ માટે આપણા જ્ઞાતિ બહેનો કિશોરીબેન નિમાવત તથા નિશાબેન ભડીંગજીની સેવા/સત્સંગની કામગીરીને બીરદાવી જ્ઞાતિ બહેનો ધ્વારા ફુલહાર/સાલથી સન્માનિત કરાયા. રામભકતના લવાજમ ભરવા બાબતે કન્વીનર ટોમભાઈ અગ્રાવતનો સંપર્ક કરવા જ્ઞાતિજનોને જણાવાયુ.

ગત વર્ષે રૂા.૫૦૦/– આજીવન ફી આપનાર જ્ઞાતિજનોને સ્મૃતિ ભેટ સીધી ટેબલ ઉપરથી મેળવી લેવાની અલગ વ્યવસ્થા કરી અર્પણ કરાયેલ. ગત વર્ષનો શહેર મંડળનો નાણાકીય હીસાબનું વાંચન મહામંત્રી જીતુભાઈ ચરણદાસે કરેલ અને પારદર્શક વહીવટની સમાજને નોંધ લેવડાવેલ.

પ્રાસંગીક પ્રવચનમાં શ્રવણ પ્રસાદ કેન્દ્રના સંચાલક ભીખુભાઈ અગ્રાવતએ સમાજલક્ષી હીતની તથા સ્વ. કે.સી. નિમાવતની સાથેના કામોના સંભારણા યાદ કર્યા. ટોમભાઈ અગ્રાવતએ તેમના પ્રવચનમાં હાલની જ્ઞાતિની સાંપ્રત કાળની સમસ્યા છુટા છેડા, માતા–પિતાથી અલગ થવાના બનાવો બાબતે દીકરા/વહુને મા/બાપને સાચવાના અંગેના સલાહ સુચનો કર્યા. લગ્નની પસંદગીના ધોરણો પોતાના લેવલ મુજબ કરવા જેવી બાબતોની વાત કરી. પંકજભાઈ દેવમુરારીએ શિક્ષણને મહત્વ આપી દીકરા/દીકરીને ભણાવવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા વાલીનું ધ્યાન દોર્યુ.

આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્ય ટોમભાઈ અગ્રાવત, જમનાદાસ નિમાવત, રોહીતભાઈ અગ્રાવત, બિપીનભાઈ દેવમુરારી, કિરીટભાઈ ટીલાવત, આકાશભાઈ અગ્રાવત, પંકજભાઈ દેવમુરારી, કપિલભાઈ એ. દેવમુરારી, દેવાંગભાઈ દેવમુરારી, શીશીરભાઈ દેવમુરારી, અમુભાઈ એચ. રામાવત, ગૌતમભાઈ કુબાવત, કપિલભાઈ જે. દેવમુરારી, કમલેશભાઈ જ (ગ્રેવ એક્સેંટ). લશ્કરી, નરેન્દ્રભાઈ નિમાવત તથા સંગઠન સમિતીના સભ્ય મનિષભાઈ એ. અગ્રાવત તથા કુલદીપ આર. દેવમુરારી તથા સમગ્ર ટીમે ખુબજ જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવેલ.

સમગ્ર કાર્યક્રમનુ સુંદર એંકરીંગ કપિલભાઈ એ. દેવમુરારી એ કરેલ અને તેમના ધ્વારા આ આભારવિધી કરી સૌ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લઈ કાર્યક્રમ પુર્ણ જાહેર કરેલ.

# રાજુલા ખાતે રિદ્ધિસિદ્ધિ ગજાનન ગણપતિબાપા મંદિરમાં પાટોત્સવ યોજાયો



રાજુલા, તા.૨૨

રાજુલા શહેરમાં શાળા નંબર ૪ ની બાજુમાં શ્રી રિદ્ધિ સિદ્ધિ ગજા નંન ગણપતિ બાપાનો નવમો પાઠ ઉત્સવ તે ઉત્સવમાં મહાયજ્ઞ, બીડુ હોમ, મહાપ્રસાદ આયોજન રાખવામાં આવ્યું હતું આજુ બાજુ વિસ્તારના ધર્મપ્રેમી ભક્તજનોએ પ્રસાદનો લાભ લીધો હતો. માતાઓ બહેનો દીકરીઓ દીકરીઓ તેમજ ભાઈઓ વડીલો સાથ સહકારથી ભક્તિ ભાવ ભોજન ત્રિવેણી સંગમ બોળી સંખ્યામાં યગ્ન નો ઉત્સવ ઉજવાયો હતો નવ વર્ષથી આવા અનેરા ઉત્સવ ઉજવાય છે ગણપતિ બાપ્પા મોરિયા ઘીમાં લાડુ ચોરીયા જેવા નાદ સાથે કાર્યકમ ઉજવાયો હતો.

# અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે બગસરા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લોક પ્રશ્નો સાંભળ્યા









અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે બગસરા તાલુકાની મુલાકાત લીધી. ત્યારે મામલતદાર કચેરી ખાતે સ્વાગત કાર્યક્રમ કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને આયોજન કરાયું જેમાં ૧૧ પ્રશ્નોની ચર્ચા કરી પ્રશ્નોના નિરાકરણ કરવા સબંધીત અધિકારીને સુચના આપી સાથે કાયદો વ્યવસ્થાને અનુસંધાને બગસરા તાલુકાના માણેકવાડા ગામે ગ્રામ પંચાયત કચેરી ખાતે મહેસુલી દફતરની તપાસણી હાથ ધરી ઉપસ્થિત ગ્રામજનો દ્વારા કરેલ રજુઆત અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી સાથે માણેકવાડા ગામે પ્રાથમિક શાળાની મુલાકાત દરમિયાન સરકારના મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર અને આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધેલ બાળકને અપાતા નાસ્તાનુ કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા સરકારની સુચના મુજબ નિયત થયેલ આહાર બાળકોને નિયમિત રીતે પોષણક્ષમ મળી રહે તેમજ બાળકોની આરોગ્યલક્ષી તપાસ તથા વેકસીનેશન સમયસર થાય તે બાબતે હાજર આંગણવાડી વર્કર, મધ્યાહન ભોજન સંચાલક તથા આરોગ્ય વર્કરને સૂચના આપેલ આ તકે બગસરા પ્રાંત અધિકારી કે.વી. નંદ, મામલતદાર પ્રશાંત ભીંડી તાલુકા વિકાસ અધિકારી અતુલ સિંહ સહિત અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અમરેલી કલેકટર દ્વારા વિવિધ પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવેલ.




# સરકારી ધોરણે બનતા માર્ગો અને મકાનોમાં ઝડપથી કેમ તિરાડો પડે છે ?

# સાચુ કેજો : માર્ગો અને મકાનો બનાવવામાં ભ્રષ્ટાચાર થાય છે કે નહી ?

**કોઈ પુલ કે પાણીની ટાંકી કે સમ્પ બને તમામ બાંધકામમાં કમિશનબાજી થાય છે તે હકીકત છે**

**એકલ–દોકલ નિષ્ઠાવાન અધિકારી કમિશનબાજી નથી કરતાં તે પણ સાચી બાબત છે**

**પાલિકાથી લઈને પંચાયત અને માર્ગ–મકાનથી લઈને પા.પૂ. પુરવઠા સહિતનાં વિભાગોમાં ભ્રષ્ટાચાર ચાલે છે તેમાં શંકા જ નથી**

**ધારાસભ્યો અને સાંસદ પાસે જે પ્રકારે કોન્ટ્રાકટરનાં ટોળા વળે છે તે દર્શાવે છે કે કંઈક લાભ લેવો છે**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં જયાં પણ પાલિકાથી લઈને પંચાયત અને માર્ગ–મકાન વિભાગથી લઈને પાણી પુરવઠા વિભાગ ધ્વારા માર્ગો, મકાનો, પુલો, સમ્પ કે પાણીની ટાંકી સહિતનાં બાંધકામો સરકારી ધોરણે થાય છે ત્યાં મોટા ભાગનાં કિસ્સામાં કમિશનબાજી થાય છે તે હકીકત છે. કારણ કે સરકારી ધોરણે થતાં બાંધકામો તૈયાર થાય અને તુરત જ તિરાડ પડવા લાગે કે ગણતરીનાં મહિનાઓમાં ઠેર–ઠેર પોપડા શું કામ પડે તે સૌ સારી રીતે જાણે છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા મહિનાઓથી ધારાસભ્યો અને સાંસદો ધ્વારા માર્ગો, મકાનો, પુલો કે ગ્રામ પંચાયત કે દવાખાનાનાં ખાતમુર્હૂત કરવામાં આવી રહ્યા છે અને રાજય સરકારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.

ભ્રષ્ટાચારની શરૂઆત ખાતમુર્હૂત પ્રસંગથી થતી હોય છે. જે કોઈ બાંધકામ એજન્સીને કામ કરવાનું હોય તે જ ખાતમુર્હૂતનો મંડપ, પૂજા સામગ્રીથી લઈને નાસ્તા સહિતનો ખર્ચ ભોગવે છે અને બાદમાં સ્થાનિકથી લઈને ટોચનાં અધિકારીઓ અને પદાધિકારીઓ સુધી નાની મોટી ટકાવારી જેમાં ૧૦ પૈસાથી લઈને ૧ થી ૨ રૂપિયા (પ્રતિ ૧૦૦ રૂપિયે) કમિશનબાજી શરૂ થાય છે અને જેટલી કમિશન કુલ થાય તેનાંથી વધારે નફો બાંધકામ એજન્સી મેળવતી હોય છે. એટલે કે ૧૦૦ રૂપિયાનું કામ માત્ર ૪૦ થી ૫૦ રૂપિયામાં બનતું હોવાથી સરકારી બાંધકામો આયુષ્ય પુરૂ થાય તે પહેલા જ બિસ્માર બની જાય છે. આ હકીકત છે તે સૌ સારી રીતે જાણે છે.

### એક ટ્રકમાં ક્રુરતાપૂર્વક કતલખાને લઈ જવાતા હોય

## અમરેલીનાં વરસડા નજીકથી તાલુકા પોલીસે ૨૨૫ ઘેટા–બકરાને બચાવી લીધા

**૪ આરોપી વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ કરાઈ**

અમરેલી, તા. ૨૨

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગઈકાલે રાત્રે નાઈટ પેટ્રોલીંગમાં હોય ત્યારે અને પેટ્રોલીંગમાં ફરતા–ફરતા વહેલી સવારે ૪:૪૫ વાગ્યે વરસડા ગામે પહોંચતા પોલીસ સ્ટાફને બાતમી મળેલ કે, અમરેલી તરફથી એક ટ્રક કતલખાના માટેના ઘેટા–બકરા લઈને નિકળેલ છે. અને તેને કતલખાને લઈને જાય છે. અને હાલ આ વાહન ઈશ્વરીયા ગામે પહોંચવામાં છે. તેથી પોલીસે વરસડા ગામે ગામના બસ સ્ટેન્ડથી આગળ વળાંકમાં પર ઉભા રહી ઈશ્વરીયા



ગામ તરફથી આવતા મોટા ટ્રક વાહનોને રોકી ચેકીંગ શરૂ કરતા અમરેલી રહેતાં મહેબુબભાઈ અલીભાઈ શેખ, વસીમભાઈ યુસુફભાઈ કાલવા તથા સાવરકુંડલા

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરાતા


## અમરેલીમાં ભરાતી રવિવારી બજારનાં વેપારીઓને ભાડાથી જગ્યા આપવાની ખાત્રી

**વેપારીઓએ ખુશીની લાગણી વ્યકત કરી**

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં દર રવિવારે ભરાતી બજારનાં સૈંકડો વેપારીઓ ઘણા સમયથી વેપાર કરવા માટે અનુકુળ જગ્યા ભાડેથી આપવાની માંગ કરતો આવ્યા છે.

જે અંતર્ગત આજે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સમક્ષ વેપારીઓએ સામાજિક કાર્યકર્તા ભરત કાતરીયા, હાર્દિક સોલંકી, ધર્મેશ સોલંકી, શબ્બીરભાઈ તૈલી, ભરત બારોટ, ઈમરાનભાઈ સેલોતની



આગેવાનીમાં રજુઆત કરતા જિલ્લા કલેકટરે યોગ્ય કરવા ખાત્રી આપતા વેપારીઓમાં ખુશીનો માહોલ ઉભો થયો હતો.

### અનુકંપા ફાઉન્ડેશનને ‘યાત્રા પ્રવાસ’ માટે રકમ અર્પણ કરી

## અમરેલી : દુકાને દુકાને સાયકલ ઉપર જઈ પ્લાસ્ટિકની બેગ વેચનાર મહિલાનું ઉદાર દિલ

**ડો. કાનાબારે મહિલાના ઉદાર દિલની પ્રસંશા કરી**

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં ડો. કાનાબાર પ્રેરિત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા વડીલોને સોમનાથ–દ્વારકાનો યાત્રા પ્રવાસ દાતાઓનાં સહયોગથી કરાવવામાં આવી રહયો છે. જેમા યાત્રા–પ્રવાસમાં જોડાયેલ એક શ્રમિક મહિલાએ પણ રૂપિયા ૧ હજારનું અનુદાન કરીને સેવા યજ્ઞમાં આહુતિ આપવાનું પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે.

આ અંગે ડો. કાનાબારે જણાવ્યું કે, આજે બપોરે અચાનક એક મોટી ઉંમરના બેન મારા કન્સલ્ટિંગ રૂમમાં આવીને કહે કે, "સાહેબ, હું



તમારી સંસ્થા દ્વારા સિનિયર સીટીઝનો માટે થતી સોમનાથ–દ્વારકાની યાત્રામાં જઈ આવી છું મને થયું કે જાત્રા મફત ના કરાય એટલે તમારી સંસ્થાને ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે મારી શક્તિ મુજબ એક હજાર રૂપિયાનો ફાળો દેવા આવી છું.

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)